ઈન્ટરનેટ પર વાંચવા :
http://vivekpanthi.googlepages.com/ Mail - harsha_badkar@yahoo.com

વીવેકપંથી ૭૬

તંત્રી : ગુલાબ ભેડા, *કાર્યાલય :*
૨-સી/૧, અસ્મીતા મોગરા,
દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની,
અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧
Mail - vivekpanthi@yahoo.com

વ્યંગ્ય

હાય હાય યે મજબુરી ! યે 'મૌસમ' ઓર યે દુરી ? !!

નીર્ણય આવી ગયો. કહેવાતા મોંઘાભાવે વીશ્વાસનો મત ખરીદીને કેન્દ્ર સરકાર બચી ગઈ. આમેય તમારા-મારા જેવા સામાન્ય નાગરીકને એથી કોઈ ફરક પડતો નથી. તોય વાતને મમળાવીને માણવાની મજા તો આપણી જ.

૧૪મી જુલાઈએ પત્રકારો સમક્ષ ધડાકો કરતાં સામ્યવાદી પક્ષના મહામંત્રી એ.બી. બર્દાને પહેલવહેલા ઉચ્ચારેલા શબ્દો આ હતા."સીદ્ધાંતોને કોઈ અનુસરતું નથી. આ વખતે સાંસદોની લે-વેચમાં પ્રશ્ન ગણતરીના કરોડનો નથી, પરંતુ પચ્ચીસ કરોડનો છે. મેં મારી જીંદગીમાં ક્યારેય પચ્ચીસ કરોડ સામટા જોયા નથી. તમે (પત્રકારોએ) પણ નહી જોયા હોય ! "

પત્રકારો પૈકી કોઈકે એમને ત્યારે જ પુછવા જેવું હતું કે, "તમે કેટલા કરોડ સામટા જોયા છે ?"

તો બીજા કોઈકે એમ પણ પુછવું જોઈતું હતું કે, "ગુંજાઈશ આટલી ઉંચી છે તેનો અંદાજ તમને પહેલાં આવી ગયો હોત તો તમારું વલણ શું હોત ?"

વાચકોને યાદ હશે જ કે ભાગલા ટાણે પાકીસ્તાન સરકારને રુપીયા પંદર કરોડ આપી દેવા જોઈએ તેવો માત્ર અભીપ્રાય ઉચ્ચારવાને કારણે 'પોતડીપતી' ગાંધીએ જીવ ખોયો હતો.

– ગુલાબ

(પાના ૧૧ ઉપરનો અગ્રલેખ જરુર વાંચો.)

એ જાગરુક વાચકની જાગૃતીને સલામ

૧૬મી જુલાઈની ઉગતી સાંજે ટેલીફોનની ઘંટડી રણકતાં ફોન ઉપાડયો. સામેનો અવાજ:

"ગુલાબભાઈ, આંય કચ્છી અયોને ?"

"જી હા, આંય કેર બોલો'તા?"

"મુલુન્ડથી આંવ રવીભાઈ બોલાં'તો."

"જી, હુકમ કરો રવીભાઈ."

"અંકમે આંઝો નાલો ગુલાબ ભેડા લખેલો આય ઉડાં ભેદા ખપે. કચ્છીમેં ભેડા ન વે."

મેં ખુલાસો કર્યો કે હું જામનગરનો હાલાઈ કચ્છી છું અને કચ્છીઓનો મીઠો સંસર્ગ એ મારી મુડી છે. પછી જે સંવાદ આગળ ચાલ્યો તે કચ્છીમાં જ ચાલ્યો હતો, પણ આપણે જોઈએ ગુજરાતીમાં.

"આટલા સારા વીચારો અને આવું સારું લખાણ ભાશા-જોડણીભુલના કારણે ખુંચે છે. ભલે બે-ત્રણ હજારનો પગાર ચુકવવો પડે, પણ સારો પ્રુફરીડર રાખી લો."

"ખાસ કરીને તમારા ધ્યાનમાં કઈ કઈ ભુલો આવે છે ?" મેં પુછયું.

"હ્રસ્વ-દીર્ઘનાં ઠેકાણાં નથી હોતાં અને અમુકઅમુક શબ્દો પણ ખોટા લખાય છે."

"ખરીવાત છે. પણ તમે જોડણી કે ભાશા સુધારની પ્રવૃત્તી વીશે કંઈ સાંભળ્યું છે?" "ના". "તો સાંભળો. છેલ્લા દોઢેક દાયકાથી એ પ્રવૃત્તી ચાલે છે અને ઘણાં સામયીકોની સુધારેલી જોડણીમાં એક જ 'ઈ' (ી) દીર્ઘ અને એક જ 'ઉ' (ુ) હ્રસ્વમાં છપાય છે. અને હા, જે શબ્દફેર તમને 'વીવેકપંથી'માં દેખાય છે તે રેશનાલીસ્ટ શૈલી છે. ધ્યાનથી વાંચશો તો સમજાઈ જશે."

"આ તો મારા માટે નવી માહીતી છે. હવે એ રીતે વાંચીશ." કહીને એમણે આભાર સાથે વાત પુરી કરી.

આમાં એક વીશેશતા એ હતી કે એ જાગરુક વાચક 'વીવેકપંથી'ના ગ્રાહક નથી, પણ મીત્ર પાસેથી લાવીને વાંચે છે. મેં એમની પાસે સરનામું માગ્યું તો કહે, "હાલ તો આ જ બરાબર છે. લવાજમ મોકલીશ ત્યારે સરનામું પણ લખી મોકલીશ. પણ બધા જ અંકો હું અચુક વાંચું છું તેની ખાતરી રાખજો."

૫૦મા મીત્રમીલનની ઉજવણીમાં સમયસર આવી પુગજો : જુઓ પાછળનું પાનું

૫૦મા મીત્રમીલની મનોરંજન મહેફીલનું આમંત્રણ

ગાયેજા ગીત મીલન કે
તું અપની લગને કે (મુકેશ)

તમારા આગમન સાથે જ
વીવેકપંથી ગાઈ ઉઠશે

બહારોં ફુલ બરસાવો, મેરા મહેબુબ આયા હૈ (મહમદ રફી)
સાથે જ : આયેગા આનેવાલા (લતા મંગેશકર), અય દીલ મુજે ઐસી જગ: (તલત મહેમુદ)
ઉપર ગગન વીશાલ (મન્ના ડે) જબ દીલ હી તુટ ગયા (સાયગલ)
જુનાં-મીઠાં-મધુરાં ફીલ્મી ગીતો સાથે ગુજરાતી ગીતો અને ભજનો પણ ખરાં જ;
તો આંધળી માનો કાગળ અને દેખતા દીકરાનો જવાબ ઘડીક આંખના ખુણા ભીંજવશે :



કલાકાર - કસબીઓ
સુભાશ મહેતા, નવીન માંડવીયા, કીશોર મોદી, રશ્મીકાંત પંડયા, અરુણ ચીતલીયા,
મૃદુલા ચીતલીયા, પ્રવીણ સંઘવી, પ્રદીપ પટીયાર વગેરે વગેરે વગેરે
રમુજરંગી સંચાલન : ગુલાબ ભેડા

ખડખડ હસવાની નહી તોય મરકવાની શરત તો પાકી
જીવનસાથી અને સહોદરો સાથે આવી પુગજો. સૌ માટે બારણાં ખુલ્લાં છે.

સમય : રવીવાર, તા. ૧૭-૮-૨૦૦૮ સાંજે ૪ કલાકે
સ્થળ : માટુંગા બોર્ડીંગ, શ્રદ્ધાનંદ મહીલા આશ્રમ સામે,
શ્રદ્ધાનંદ રોડ, માટુંગા (મધ્ય રેલ્વે), મુંબઈ-૧૯

વીશીશ્ઠ આકર્શણ
પ્રખર રેશનાલીસ્ટ, જનહીત અરજી નીશણાત, જાણીતા-માનીતા

ભગવાનજી રૈયાણી

એમની નરવી અને ગરવી વાણીમાં રેશનાલીઝમનો સ્વાનુભવ
કહેશે, તે પણ હળવી શૈલીમાં. કારણ ? ગંભીરતા નીશેધ :

રેશનાલીસ્ટોને એટલું કહેવું;
સદા આનંદમાં રહેવું :

- દામજી સાવલા (સંયોજક)
99 67 50 51 25

બ્રીટનનો નવો કાનુન ઢોંગી–ધુતારાઓને ધ્રુજાવે છે

સાશ્વત પ્રેમ અથવા સદનસીબની ભવીશ્યવાણી ખોટી પડે તો એની ખાત્રી આપનાર ભુવા, તાંત્રીક કે માધ્યમને બોલાવનારને તમે કોર્ટમાં ઘસડી જઈ શકો?

હા, જો તમે બ્રીટન અથવા યુરોપીયન યુનીયનના કોઈ દેશમાં રહેતા હો તો. ગ્રાહક સુરક્ષા માટેનો આ નવો કાયદો આવી રહ્યો છે એનાથી બ્રીટનમાં રહીને ૧ વરસે રુપીયા ૧૬૦ કરોડનો ધંધો કરતા આવા વરતારા કરનાર ભવીશ્યવેત્તાઓ ભીંસ અનુભવી રહ્યા છે.

ભારતીય ઉપખંડના આવા ઘણા બાબાઓ ત્યાં મૃતાત્મા સાથે વાતો કરાવવાના, પ્રેમમાં ૧૦૦ ટકા સફળતા અપાવવાના અને સમૃદ્ધી બક્ષવાના દાવા કરનારા છે. તેઓ દક્ષીણ એશીયાઈ ભાશાકીય અખબારો અને ટેલીવીઝનમાં આવી જાતની જાહેરખબરો આપવામાં મોખરે છે. ડાકણભુવા નીયંત્રણ માટેનો ૧૭૩૫નો કાયદો રદ કરીને ૧૯૫૧નો ઠગબાજી માધ્યમનો કાયદો જે અત્યારે અમલમાં છે એને સ્થાને સમગ્ર યુરોપીયન યુનીયનમાં આ અંગે સમાનતા લાવવા માટે આવો કાયદો આવી રહ્યો છે.

સંસદના ઉપલા ગૃહે આ બીલની તા. ૨૨ એપ્રીલે ચર્ચા કર્યા પછી સંસદના નીચલા ગૃહમાં એની ચર્ચા દ્દ્દી મે એ થવાની હતી. તા. ૨૬મી મેથી આ બીલ કાયદાનું સ્વરુપ લેવાનું હતું.

ખાસ કરીને આવા ભુવાજતી, બાબા અને તાંત્રીકોનો શીકાર એશીયનો જલ્દી બની જતા હોય છે. તેઓ દરેક દુ:ખદર્દને દુર કરવાનું વચન આપે છે. તેમ જ કોઈપણ પનોતી દુર કરીને નસીબને યારી અપાવવાની આવી બાબતોમાં (અંધ)શ્રદ્ધા રાખનારને ખાત્રી આપે છે.

એશીયન રેશનાલીસ્ટ સોસાયટીના બર્મીંગહામસ્થીત પ્રમુખ લવકેશ પ્રશાર કહે છે, "આ સારા સમાચાર છે. હવે આવા ધુતારાઓને કોર્ટમાં લઈ જઈ શકાશે અથવા એમણે એમની જાહેરખબરોમાં દાવાની ખાત્રી નથી એમ લખવું પડશે."

જો કોઈ તાંત્રીક એની ખાસ આવડતની સાબીતી આપી શકે તો આ રેશનલીસ્ટ સોસાયટી એને ૧૦૦૦૦ પાઉંડનું ઈનામ આપશે એવી ૧૧ વર્શ જુની જાહેરાતને જવાબ આપવા કોઈ આગળ આવ્યું નથી.

"તેઓ નબળા મનના લોકોને કાયદાના કોઈપણ ડર વીના શીકાર બનાવે છે અને તેમાંના ઘણા તેમના વરતારાની ૧૦૦ ટકા કહેવાતી ખાત્રી આપીને કોઈપણ પ્રશ્નનો ઉકેલ લાવી આપવાનો દાવો કરે છે." એમ પ્રશારે કહ્યું હતું.

– ભગવાનજી રૈયાણી

તંત્રીશ્રી,
આ સાથે મહેશ ભટ્ટ (ફીલ્મ પ્રોડયુસર નહી, અન્ય કોઈ) નો એક લેખ મોકલું છું; કળકળતી કડાઈમાંથી ઉતરેલ તાજા ગાંઠીયા જેવો; 'વીવેકપંથી' માટે રસ્તો : – ભગવાનજી રૈયાણી

ઓ ઈશ્વર...!

થોડા દીવસ પહેલાં સમાચાર વાંચ્યા હતા કે શીરડીમાં આવેલા સાઈબાબાના મંદીરમાં ઝડપથી દર્શન કરવા માગતા ભક્તો પાસેથી ફી લેવાનો વીચાર થઈ રહ્યો છે. સીદ્ધીવીનાયકના મંદીરમાં તો આ પ્રથા અમલમાં પણ આવી ગઈ છે. હવે ઈશ્વરના દરબારમાં સૌ સરખા એમ કદાચ નહીં કહી શકાય, હું જ્યારે કોઈ મંદીર કે ધાર્મીક સ્થળે ખુબ મોટી લાઈનમાં સેંકડો સ્ત્રી – પુરુશોને ઉભેલાં જોઉં છું ત્યારે મને ધર્મનો ધંધો ધમધોકાર ચાલી રહેલો દેખાય છે. "આસપાસ આકાશમાં છે વીશ્વપતીનો વાસ..." એ કાવ્યકડીમાં વ્યક્ત થયેલી ભાવના વર્તમાનમાં સ્વીકાર્ય હોય એમ લાગતું નથી. મંદીરમાં ફેંકાતા પૈસાથી થોડી સામાજીક સેવા કરવાની જાહેરાતો જરૂર થાય છે... પણ ઈશ્વરના દલાલો અને એની સેવા કરવાનો ઈજારો લઈ બેઠેલા પુજારીઓનાં પેટ કે મંદીરના માલીકોની (ટ્રસ્ટીઓની) સમૃદ્ધી જોઈ મન વીચારે ચઢી જાય છે. આ દેશમાં ઈશ્વર ઠેરઠેર વેચાય છે...

ઈશ્વરનાં પુજન કે આરાધના માટે મંદીરની કલ્પના અમલમાં મુકનાર વ્યક્તીને ધન્યવાદ આપવા પડશે. આ દેશમાં કોઈ ખુણે ફીલ્મી–નટ અમીતાભનું મંદીર પણ ચણાયું છે – ત્યાં કદાચ ફીલ્મમાં એણે અભીનય કરીને ગાયેલાં ગીતો ભજનો તરીકે ગવાતાં હશે. આ દેશમાં ઈશ્વરને આપણે રોજીંદા વ્યાપારની એક જણાસ (Commodity) બનાવી દીધો છે.

અસત્યના માર્ગે ચાલનારાઓના અંતરાત્માને આશ્વાસન મળી રહે એ માટે પણ મંદીરની જરૂર છે. ગાંધીચીંધ્યા માર્ગે ન ચાલવું હોય તો એમનું પણ એક મંદીર બાંધી દેવું. રોજ પુજન કર્યા પછી પ્રાર્થના કરવી કે "હે મહાત્મા અમને સત્યનો રાહ બતાવજે" અને પછી પ્રપંચના પથ પર ચાલવાનો પરવાનો મળી જશે. કોઈ ઉઘાડા પગે દેવદર્શન જાય છે – કોઈ માથું ઢાંકીને પ્રભુને પગે લાગે છે. એક કવીતા મને ખુબ વાસ્તવીક લાગે છે...

"ઓ ઈશ્વર ભજીએ તને
મોટું છે તુજ નામ
ગુણ તારા નીત ગાઈએ
થાય અમારાં કામ..."

આપણાં કામ કરી આપતા ભગવાનને સલામ !

મંદીરમાં જતા માણસોને ધાર્મીક માનવાની પ્રથા છે. એમાંય જો ઉઘાડા શરીરે, કપાળે તીલક કરી હાથમાં માળા લઈ, બીજા હાથમાં એક નાની થાળીમાં ઘીનો દીવો કરી પુજા કરવા જતા માણસને પુણ્યાત્મા–સાચો ભક્ત માનવામાં આવે છે.

અખાનો એક છપ્પો યાદ આવે છે :

"એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પુજે દેવ."

આપણે તો ચમત્કારમાં માનતી પ્રજા છીએ.

ગણેશની મુર્તીની આંખમાં આંસુ આવવાની અફવાએ આખું મુંબઈ ગાંડું થયું હતું. ૦૪–૧૧–૯૪ના પ્રવાસીની દીપોત્સવી પુર્તીમાં વાંચેલું મારા પ્રીય કવી વીપીન પરીખનું એક કાવ્ય ટાકવું ગમશે...

"બુદ્ધની એક સુંદર મુર્તી મળી ગઈ,
નાની અને સુરેખ,
થોડુંક Bargain કરવું પડયું –
પણ બહુ સસ્તામાં સોદો પતી ગયો.
ઑફીસના ટેબલ પર જ રાખી છે –
Decorative તો લાગે જ પણ,
પેપરવેઈટ તરીકે પણ કામ આવે છે.

તમને ગમી ?

"સુખમાં સોની, દુ:ખમાં રામ" એ કહેવતનું મુળ શોધવું પડશે. ... [જન્મભુમી–પ્રવાસીમાંથી]

ભગવાનજી રૈયાણીને હળવાહૈયે સાંભળવા અને માણવા ૧૭મીના ૫૦મા મીત્રમીલનમાં સજોડે આવી પુગજો

અનીસનો અનોખો સત્યાગ્રહ

અંધશ્રદ્ધા નીર્મુલન કાયદો પસાર કરવામાં પ્રમાદ સેવતી મહારાશ્ટ્ર સરકારની ઉંઘ ઉડાડવા માટે અનીસે ગાંધીગીરીનો એક અનોખો સત્યાગ્રહ યોજ્યો હતો. ભેગા થઈને પોતાના જ ગાલે થપ્પડ મારવાના મહારાશ્ટ્રમાં સપ્તાહભર ચાલેલા આ સત્યાગ્રહનો આખરી તબક્કો શુક્રવાર તા. ૨૫મીએ આઝાદમેદાન ખાતે રખાયો હતો. જેમાં નરેન્દ્ર દાભોલકર સહીતના અનીસના મોટા ભાગના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા. પોતાના જ ગાલે થપ્પડ મારવા મુંબઈના વીવેકપંથી રાયચંદ શાહ સહીત કેટલાક ગુજરાતી મીત્રો પણ જોડાયા હતા. આ વંચાશે ત્યાં સુધી એ સૌના ગાલ લાલ દેખાતા હશે.

૬ઠ્ઠીએ મુખ્યપ્રધાન સાથે બેઠક

આ વીશયમાં 'વીવેકપંથી' એ તા. ૩૦મીની સવારે ડૉ. નરેન્દ્ર દાભોલકરનો સંપર્ક કરતાં તેમણે કહ્યું હતું, "એ જ દીવસે અમે નાયબ મુખ્ય મંત્રી આર. આર. પાટીલને મળ્યા હતા. જેમણે અમને કહ્યું હતું કે તેઓ પોતે તો આ કાયદો જરુરી જ માનેછે, તેમ છતાં મુખ્યમંત્રી વીલાસરાવ સાથેની બેઠક જરુરી છે. એમણે જાતે રસ લઈને તા. ૬ઠ્ઠી ઓગસ્ટની મુખ્ય મંત્રી સાથેની મુલાકાત ગોઠવી આપી છે." વીશેશમાં ડૉ. દાભોલકરે કહ્યું, "આપણા માટે મરણીયા થઈને મંડી પડવાના હવે ત્રણ જ મહીના બાકી રહ્યા છે. જો આ ત્રણ મહીનામાં કોઈ પરીણામ ના મળ્યું તો પછી આપણે વાત ભુલી જવી પડશે."

વીચાર લાલીત્ય

આપણા પોતાના બાળકનો જીવ જેના કારણે છીનવાઈ જાય તેના પર ગુસ્સો ચડવો એ 'માણસતા' અને એની પણ સારપતા વીશે સાંભળ્યા પછી એને માફ કરી દેવાની ઈચ્છા થાય તે 'માનવતા'.

માનવતા દાખવવા મહાપુરુશ થવાની જરુર નથી, સામાન્ય માનવી હોવું પુરતું છે. એવા સામાન્ય માનવી સમાજમાં બહુમતીમાં હોવાને લીધે એકમેકને ખમીને, વેઠીને એક છત નીચે આપણે ટકી રહ્યા છીએ.

દીપક સોલીયા [પત્રકાર–કટાર લેખક]

મર્ઝ બઢતા ગયા જ્યું જ્યું દવા કી

– ડૉ. વીજય વારડે

હમણાં જ ફાગણ વદ સાતમ આવીને ગઈ. દર વર્શે આવે છે. ઘણાં ઘરોમાં આ દીવસે રસોઈ બનતી નથી. ચુલો જ બાળવામાં નથી આવતો. ટાઢું ખવાય છે. ફોડ પાડવો પડશે? આ દીવસ શીતળા સાતમ તરીકે ઓળખાય છે. શીતળા માતાના મંદીરે ભરાતા મેળામાં લોકોનાં ટોળેટાળાં ઉમટે છે. આ દીવસે વાયરસ(વીશાણુ)થી થતો શીતળાનો રોગ (સ્મોલપોક્સ), સઘન રસીકરણના કારણે, વીશ્વમાંથી નાબુદ થઈ ગયો છે (૧૯૭૭); પણ શીતળા માતાનો દબદબો બરકરાર છે. હમણાં જ એક શીક્ષીત મીત્રે જ્ઞાન આપ્યું કે ઓરી અને અછબડા પણ શીતળા માતાના ક્ષેત્રમાં આવે ! ખરું ખોટું કોણ જાણે ! વીજ્ઞાન તો એવું કહે છે કે ઓરી અને અછબડા પણ વાયરસ (વીશાણુ)થી થતા રોગો છે. શીતળા, ઓરી, અછબડા, વાયરસના કારણે નહીં, પણ કોઈ માતાના પ્રકોપના કારણે થાય છે, એવી માન્યતામાં વીશ્વાસ રાખવો એ શ્રદ્ધા કહેવાય કે અંધશ્રદ્ધા ? જો કે શ્રદ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની ભેદ રેખા બહુ બારીક હોય છે.

રમણ પાઠક 'વાચસ્પતી'એ એકવાર કહેલું કે, ઈશ્વરના અસ્તીત્વમાં શ્રદ્ધા રાખવી એ જ મોટામાં મોટી અંધશ્રદ્ધા છે. તો વૉલ્તેર (૧૬૯૪–૧૭૭૮) નું કહેવાનું એવું થયું કે, "જો ઈશ્વર અસ્તીત્વ ધરાવતો ન હોત તો તેનો આવીશ્કાર (ટુ ઈન્વેન્ટ) કરવાનું આવશ્યક બની જાત. "કાર્લ માર્કર્સે (૧૮૧૮–૧૮૮૩) લખ્યું છે : "ધર્મ.... લોકોનું અફીણ છે." એ જે હોય તે ઈશ્વર અને ધર્મ વીના માણસને ચાલ્યું નથી અને ધર્મને નીસ્બત હોય કે ન હોય, ધર્મઝનુન, ધર્માંધતા, અંધશ્રધ્ધા, ગલત માન્યતાઓ વી. ધર્મ સાથે જોડાઈ જ જાય છે. વળી, ગલત માન્યતાને ગલત કહેનારનો જયજયકાર થાય કે તેને ફુલડે વધાવી લેવાય; એવું રખે ને કોઈ માને ! ગલત માન્યતાને ગલત કહેનાર પ્રત્યે ધર્મગુરુઓ અને ધર્માનુયાયીઓ ઘણીવાર, ધર્મ ઉપદેશે છે એટલા અને એવા ઉદાર રહી શકતા નથી.

ગેલીલીયો (૧૫૬૪–૧૬૪૨)એ, પોતાના એકડીયા–બગડીયા દુરબીનથી આકાશ નીહાળ્યું, ખગોળીય સત્ય પામ્યો અને કહેવા માંડયું કે બ્રહ્માંડનું કેન્દ્ર પૃથ્વી નથી, સુર્ય છે. સુર્ય પૃથ્વી ફરતે આંટા નથી મારતો, બલ્કે પૃથ્વી સુર્યની આસપાસ ફરે છે. સત્ય કહેવાનું અને શબ્દબદ્ધ કરવાનું, ગેલીલીયોને કાઠું પડી ગયું. બ્રહ્માંડનું કેન્દ્ર પૃથ્વી છે અને સુર્ય પૃથ્વીની પ્રદક્ષીણા કરે છે, એવા એરીસ્ટોલ–ટોલેમીના સદીઓ પુરાણા વૈજ્ઞાનીક અસત્યને ધર્મશાસ્ત્રનું અનુમોદન હતું !! પરીણામ ? ગેલીલીયોને અદાલતમાં હાજર થવું પડયું (૧૬૩૪), માફામાફી કરવી પડી, સત્ય અસત્ય છે એવું કબુલવું પડયું અને સજા ખમવી પડી. ગેલીલીયોને પોતાના ઘરમાં રહેવાની છુટ; પણ એકલા. પુર્વ પરવાનગી વીના ન તો ગેલીલીયો કોઈને મળી શકે ન કોઈ ગેલીલીયોને મળવા જઈ શકે. વૃદ્ધ ગેલીલીયો અંધ થઈને મર્યો. ગેલીલીયોની પુર્વે કોપરનીક્સ (૧૪૭૩–૧૫૪૩) પણ આ ખગોળીય સત્ય સુધી પહોંચેલો અને તેણે કહેલું કે, વીશ્વ અસીમ છે અને તેમાં પૃથ્વી તો કણ સમાન છે. પ્રોટેસ્ટન્ટ અગ્રણી માર્ટીન લ્યુથરે કોપરનીક્સ પર વ્યંગ કરેલો કે, મુર્ખાઓ દુનીયાને ઉધી કરવા ઈચ્છે છે. ધર્મ સાથે આવી તેવી ગલત માન્યતાઓ કેમની જોડાઈ જાય છે એ પેચીદા પહેલી છે.

ચાલો હવે, ઉત્તર પ્રદેશના બસ્તી જીલ્લામાં, ગોરખપુરથી ચોથા સ્ટેશને આવેલ ગામ મગહરની જરી લટાર મારીએ: માન્યતા એવી હતી કે મગહરમાં મૃત્યુ પામનારને મુક્તી મળે નહીં અને મૃતકનો બીજો જન્મ ગધેડાની યોનીમાં થાય. એથી ઉલટું કાશીનું મૃત્યુ પંકાતું. લોકો પરલોક સુધારવા કાજે, ઉલટભેર મરવાને કાશી જતા. કહે છે કે કાશીમાં, એક સમયે, કરવત મુકીને પરલોક સુધારવાની સગવડ પણ હતી.

કાશી જઈને કરવત મુકાવનારને બીજો જન્મ રાજાનો મળે, એવી તેવી માન્યતા પણ કહે છે કે હતી. ગુસ્તાખી માફ ! કાશી જઈને કરવત મુકાવવાનું કોઈ ધર્મે પ્રબોધ્યું હોવાનું જાણમાં નથી. સંત કબીર (૧૩૯૮–૧૫૧૮) કાશીમાં રહેતા હતા. દેહ છોડવાનો સમય આવ્યો, ત્યારે કબીર સાહેબ કાશી છોડી મગહર જતા રહ્યા. ગલત માન્યતાને ખોટી ઠેરવવાને પ્રત્યક્ષ આચરણથી વીશેશ શું? કબીર સાહેબના જન્મ વર્શ અને આયુશ્યકાળ બારામાં વીદ્વાનોમાં મતભેદ છે. ખેર ! ગુરુ નાનક (૧૪૬૯–૧૫૩૯) ના પોતાના ખેતરોને અંજલી દ્વારા પાણી પહોંચાડવના પ્રસંગથી સૌ વાકેફ છે એટલે આપણે એના વીસ્તારમાં નહીં ઉતરીએ. આપણે કબીર નાનક–ગેલીલીયોની વાત પરથી હવે ૧૯મી સદીમાં પ્રવેશીએ અને જોઈએ કે સ્થીતી બેહતર થઈ છે કે કેમ?

કપોળ વૈશણવ કરસનદાસ મુલજી (વડાળ, ૧૮૩૨–લીંબડી, ૧૮૭૧)એ ૧૮૫૩માં વીધવા પુનર્વીવાહ વીશય પરની ઈનામી નીબંધ સ્પર્ધામાં ભાગ લીધો. આથી કરસનદાસ જેમના આશ્રીત હતા, એમણે એટલે કે

તેમની સ્વર્ગીય માતાની વીધવા કાકીએ, કરસનદાસને ઘરમાંથી હાંકી કાઢ્યા. કરસનદાસે ઇંગલેન્ડ જવાને (૧૮૬૩) સમુદ્ર માર્ગ લીધો એટલે સમુદ્ર ઓળંગી પરદેશગમન કરવા બદલ, ન્યાતે તેમને ન્યાત બહાર મુકવાનો ઉપાય કીધો. કરસનદાસે પોતાના પક્ષમાં ઉદાહરણો ટાંક્યાં, પરદેશગમનના ફાયદા ગણી બતાવ્યા, ધર્મશાસ્ત્રોના સંદર્ભો પણ દીધા તેમણે લખ્યું, "... આ ઉપરથી માલમ પડશે કે વેદના વખતમાં હીંદુઓને જળમાર્ગે એટલે સમુદ્રને રસ્તે દેશાટણ કરવાનો કંઈ અટકાવ નહોતો." પણ બધું પથ્થર પર પાણી. ન્યાત ટસની મસ ન થઈ તે ન જ થઈ. કરસનદાસ મૃત્યુ પર્યંત ન્યાત બહાર રહેલા.

૧૮૫૫માં કરસનદાસે 'સત્યપ્રકાશ' નામે સાપ્તાહીક શરુ કર્યું. તેમણે સમાજ અને ધર્મસંપ્રદાયોમાં ફેલાયેલાં અનીશ્ટોની આકરી ટીકા કરી. મહારાજોની અનીતી વીશે સખ્ત શબ્દોમાં લખ્યું. ગુજરાતી ભાશાને 'લાગણી' શબ્દ આપનાર કવી કહેતાં – વીર નર્મદ પણ વૈશણવ સંપ્રદાયોના કેટલાક મહારાજો વીરુદ્ધ, કલમને તેજાબમાં બોળીને, લખતો : "... મહારાજે બોલાવી એટલે કૃશ્ણે બોલાવી અને પરમપદ પામી ચુકી, એમ સમજી વે'લી વે'લી જઈને હરખભરી ગાભરી ગાભરી મહારાજના ગુહ્યનાં દરશન કરી, પ્રસાદ મેળવી ધન્યતા અનુભવતી..." અહીં લંપટ મહારાજોના પક્ષે ધર્મનાં સગવડીયા અર્થઘટનો હતાં, તો ભકતોના પક્ષે ધર્મ-અંધતા હતી. ધર્મના નામે બહુધા લોકો કલાઈ કરાવવાને નાહી ધોઈને તૈયાર અને તત્પર હોય છે. ધર્મના નામે કલાઈ કરવાવાળાઓનો તોટો હતો કે છે – એવું કોઈથી કહી શકાશે નહીં. એક આધુનીક, ક્રાંતીકારી ફીલસુફે (૧૯૩૧-૯૦) એક પ્રવચનમાં કહેલું; "દુનીયામાં નકલી ગુરુઓ છે; કારણ કે નકલી શીશ્યોની સંખ્યા ઘણી મોટી છે. નકલી ગુરુઓ તો આડ પેદાશ છે." ખેર, વર્તારો તો એવો હતો કે કવી નર્મદ પર લાયબલ કેસ ઠોકાશે. મહારાજ લાયબલ કેસ (જદુનાથ, ૧૪ મે ૧૮૬૧ – ૨૨ એપ્રીલ ૧૮૬૨) તો થયો; પણ કરસનદાસ મુલજી પર ! કરસનદાસે કોર્ટમાં જુબાની આપતાં કહેલું, "મુંબઈમાં તીસ ચાળીસ હજાર ભાટીયા હશે, ને મહારાજની અનીતીને ધીક્કારનાર બસો હશે." આ તો મારું બેટું, મર્ઝ બઢતા ગયા જ્યું જ્યું દવા કી, જેવો મામલો લાગે છે ! મહારાજ લાયબલ કેસમાં કરસનદાસની જીત થઈ. આખા દેશમાં સુધારક તરીકે તેમની નામના થઈ. રુઢીચુસ્તોએ પણ તેમના પર વર્શા કરી – અલબત્ત ફીટકારની !

"ભલા બનો, ભલાઈ કરો અને જીવો, જીવવા દો" – એ હરેક ધર્મ, હરેક સંપ્રદાયનો કેન્દ્રવર્તી સુર હોવા છતાં; લોકો તો ધર્માંધતા, ધર્મઝનુન, અંધશ્રદ્ધા અને ગલત માન્યતાઓ વી. માં જ અટવાઈ પડે છે. ચાર્લ્સ કોલ્ટને (૧૭૮૦-૧૮૩૨) એક સરસ વાત કહી છે: ધર્મના માટે લોકો હુંસાતુંસી કરશે, લખાણો લખશે, લડાઈઓ કરશે, કંઈપણ કરશે. (ધર્મ પ્રમાણે) જીવવા સીવાય."

હમણાં જ (એટલે કે ૨૧મી સદીમાં) એક વીદ્વાન મીત્ર અજબગજબનો મુદ્દો લઈ આવ્યા છે. તીબેટ ધાર્મીક પ્રદેશ છે. સીદ્ધોની ભુમી છે. દલાઈલામા નખશીખ ધાર્મીક માણસ છે. છતાં એ ધર્મ અને ધર્મગુરુ જોતા રહ્યા અને ડ્રેગન તીબટને ગળી ગયો. ભારત તો સાધુસંતો, તપસ્વીઓની ધરા છે, ધાર્મીક ઉછાળાઓની હીન્દુસ્તાનને નવાઈ નથી. સૌથી વધુ ધર્મો અને સંપ્રદાયો, હીન્દુસ્તાનની ધરતીએ આપ્યાં અને પોશ્યાં છે. ધર્મચીંતન અને જીવનચીંતનથી તરબતર હસ્તપ્રતોનો પાર નથી. તેમ છતાં, એજ ડ્રેગન જો ભારતના અરુણાચલને ગળી જશે, તો ધર્મ રક્ષા કરવાને આવશે ? ભ'ઈસાબ, આવા પ્રશ્ન-આલાપના વીસ્તારની કોઈ સીમા નથી. હા. ઈસપ (ઈ.સ.પુ.૫૫૦)નું એક અદભુત બોધવાક્ય છે ખરું : "દેવતાઓ તેમને મદદ કરે છે, જેઓ ખુદના મદદગાર હોય છે."

વાતમાંથી વાત નીકળ્યે જાય છે અને વાતનો અંત આવે એમ લાગતું નથી, પણ હવે લેખનો અંત લાવીએ: એક મઝાનો કાલ્પનીક કીસ્સો છે. સેતાન અને ફરીસ્તો પૃથ્વી પર, એકવાર એક સાથે, લટાર મારવાને નીકળ્યા હતા. એમણે જોયું કે એક માનવે નીચે નમીને ધરતી પરથી કંઈક ઉપાડયું. એટલે ફરીસ્તાએ સેતાનને પુછયું: પેલા માનવને શું જડયું ?

સેતાન: તેને સત્ય મળી ગયું છે.

ફરીસ્તો: તો તો સેતાન, હવે તારો ધંધો ઠપ્પ થઈ જશે. તું તો નવરોધુપ થઈ જઈશ.

સેતાન : ના, ના, એવું નહીં થાય. **હું સત્યને માળખાકીય, સંસ્થાકીય રુપ આપી દઈશ** (આઈ વીલ આર્ગેનાઈઝ ધી ટુથ) અને પછી મારું ગાડું ગબડયે જ જશે !

સેતાનનું ગાડું એય મઝેનું રુમઝુમ રુમઝુમ ચાલી રહ્યું છે. માત્ર આ કાલ્પનીક કીસ્સો વાંચીને કોઈ ફરીસ્તા કે સેતાનના અસ્તીત્વમાં વીશ્વાસ કરવા માંડે, તો એને શ્રદ્ધા કહેવાય કે અંધશ્રદ્ધા ?

નોંધ : બનાસકાંઠાના કુંપટ ગામે ફાગણ વદ સાતમના દીવસે શીતળા માતાનો મેળો ભરાય છે. બહુધા લોકો શ્રાવણ માસની સાતમને શીતળા સાતમ તરીકે ઉજવે છે.

ભારતમાં બીનસાંપ્રદાયીકો સામેના પડકારો

– પ્રા. બાબુભાઈ દેસાઈ

(ભારતમાં ધર્મ સ્વતંત્ર્ય બાબતે શી સ્થીતી પ્રવર્તે છે તે સમજવા તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી બે સંવાહકો ભારતની મુલાકાતે આવ્યા હતા. જેમાં શ્રીમતી અસ્મા જહાંગીર તથા માઈકલ વાયનર હતા. ૧૧ માર્ચ ૨૦૦૮ના રોજ આંતરરાષ્ટ્રીય રેશનાલીસ્ટ સંસ્થાના બાબુ ગોગીનેનીના નેતૃત્વ હેઠળ એક પ્રતીનીધી મંજળ મુંબઈ ખાતે મળ્યું હતું. જેમાં અન્યો સાથે ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશનના મહામંત્રી પ્રા. બાબુભાઈ દેસાઈ તથા મુંબઈના વીવેકપંથી પ્રા. હર્શા બાડકર જોડાયા હતા. આ મંડળ સમક્ષ રજુ થયેલા મુદ્દાઓ અહીં પ્રસ્તુત છે.)

ભારત :– એક બીનસાંપ્રદાયીક રાજ્ય

ભારતીય બંધારણનું આમુખ જાહેર કરે છે. કે ભારત એક સાર્વભૌમ, સમાજવાદી, બીનસાંપ્રદાયીક, લોકશાહી ગણતંત્ર રાજ્ય છે. અને બીજી ઘણી બાબતોમાં, એમાં નાગરીકો માટે, વીચાર અભીવ્યક્તી સ્વતંત્રતા, માન્યતા, વીશ્વાસ અને પુજાની સંપુર્ણ છુટ છે. ભારતીય બંધારણ તેના ત્રીજા ભાગમાં તમામ નાગરીકોને પાયાના હક્ક ધર્મ સ્વાતંત્ર્યના હક્ક તરીકે ખાતરી આપે છે. બંધારણના ચોથા ભાગમાં માર્ગદર્શક સીધ્ધાંતો છે જેમાં નાગરીકોની મુળભુત ફરજોનો પણ સમાવેશ થાય છે. એના ૫૧ એ–એચમાં જણાવાયું છે કે પ્રત્યેક નાગરીક વૈજ્ઞાનીક મીજાજ, માનવાવદ, તપાસની ભાવના અને સુધારા માટે ફરજ નીભાવશે.

ભારતીય સર્વોચ્ચ અદાલતે પણ બે અલગ કેસોમાં સ્પશ્ટ કર્યું છે કે બંધારણનું આમુખ (Preamble) તથા બીનસાંપ્રદયીક્તા એ બંને બાબતો ભારતીય બંધારણનું અવીભાજ્ય અંગ છે.

રાજ્યનો પોતાનો કોઈ ધર્મ નથી, સરકારી કે સરકાર દ્વારા ચાલતી શાળા–કોલેજમાં ધાર્મીક બોધ અપાતો નથી. ધર્મને આધારે બે નાગરીકો વ્ચ્ચે ભેદભાવ રાખી શકાતો નથી. ચુંટણીના લાભો મેળવવા ધર્મનો દુરુપયોગ થાય તે અટકાવવા સ્પષ્ટ કાયદાઓ થયા છે.

રાજ્યનો પોતાનો કોઈ ધર્મ નથી. સરકારી કે સરકાર દ્વારા ચાલતી શાળા–કોલેજમાં ધાર્મીક બોધ અપાતો નથી.

બીનસાંપ્રદાયીક્તા અને બીનસાંપ્રદાયીકો વીશે ઘણી ગેરસમજો પ્રવર્તે છે, તેઓને હાંસીપાત્ર બનાવવામાં આવી રહયા છે.

માનવવાદીઓ અને રેશનાલીસ્ટો જ્યારે બીનસાંપ્રદાયીક્તાની હીમાયત કરે છે, ત્યારે રાજ્ય તમામ ધાર્મીકો પ્રતી તટસ્થ બને એની હીમાયત કરે છે. એમાં તમામ ધર્મના લોકો સમાન તકો, વીકાસ અને બૌધીક પ્રગતી કરે એની વાત કરે છે. રેશાનાલીસ્ટો માને છે કે આવું કરવા માટે બીનસાંપ્રદાયીક રાજ્યની તાતી જરૂર હોય છે. જેમાં ધર્મ સાથે રાજ્યને કોઈ લેપન ન હોય, એમ કરીને રાજ્યથી ધર્મને રક્ષણ મળે અને ધર્મથી રાજ્યને રક્ષણ મળે. માત્ર જ્યારે માનવહકના પ્રશ્નો આવે, કે વૈશ્વીક માનવીય ધોરણો જોખમમાં મુકાતા હોય ત્યારે જ માત્ર કાયદા પાલન માટે રાજ્યે દખલગીરી કરવી પડે.

હાલ ભારતમાં નાગરીકોની બીનસાંપ્રદાયીક ઓળખ જોખમમાં મુકાએલી છે. એમાં ઘણો ગુંચવાડો ચાલે છે જેથી વીવીધ ધર્મો ધરાવતાદેશની લોકશાહી ટકાવી રાખવા બાબતે પ્રશ્નો ઉભા થાય છે અને માનવહક્કોના ભંગના કીસ્સાઓ વધતા જાય છે.

૧) ધર્મ અને રાજ્યને અલગ રાખવાને બદલે બીનસાંપ્રદાયીક્તાનો જાણે એવો અર્થ થાય છે કે બધા ધર્મો પરત્વે સમાન દરજ્જો અને બધા ધર્મો વચ્ચે સમાન અંતર––જો કે અમલીકરણમાં રાજ્ય અન્ય ધર્મો કરતાં હીન્દુવાદ તરફ વધુ ઢળેલ લાગે છે.

૨) ધાર્મીક પુસ્તકો અને પ્રણાલીકાગત કાયદાકીય પ્રથાઓને આધારે અલગ અલગ કાયદાઓ હજી પ્રર્વતે છે. આવી ધાર્મીક ભાવના ધરાવતા કાયદાઓને ન્યાયતંત્રે નકારી કાઢયા છે કારણ કે નાગરીકોના માનવહક્કો સાથે એનો મેળ ખાતો નથી. કમનસીબે, રાજકીય લાભો ખાટવા કાયદા ઘડનારાઓએ દખલગીરી કરી, પણ માનવ હક્કો જાળવતી બાબતો દાખલ ન કરી પરંતુ મધ્યયુગી, જુનવાણી ધાર્મીક બાબતો જીવતી રાખી. ખુબ જ ચર્ચાસ્પદ શાહબાનો કેસ એનું જ્વલંત ઉદાહરણ છે, જેમાં મુસ્લીમ નાગરીકને પોતાની ચારમાંથી કોઈપણ એક પત્નીને શબ્દો બોલવા માત્રથી છુટાછેડા આપી શકે એવો કાયદો ભારતની સંસદે પસાર કર્યો. **વધુ દુઃખદ તો એ છે કે**

એનું નામ આપ્યું : મુસ્લીમ સ્ત્રીઓની સુરક્ષાનો કાયદો !!

૩) ટીવી–રેડીયો સ્ટેશનોથી રાજ્યમાં મુખ્યતવે હીન્દુ ધર્મની વાતો જ પ્રસારીત થાય છે. અમુક રાજ્ય તો વળી વધારે ડાહ્યા થાય છે. આંધ્રપ્રદેશની તેલુગુ ભાશાનું ચેનલ ૧ નું નામ હવે દુરદર્શન નહીં પરંતુ સપ્તગીરી છે કારણ કે એમાં ભગવાન બાલાજીનો વાસ છે. સપ્તગીરી એટલે સાત ટેકરીઓ.

રામ સેતુ વીવાદમાં રામનો કોઈ ઐતીહાસીક પુરાવો નથી એ પ્રકારની એફીડેવીટ કરવા બદલ બે સરકારી અધીકારીઓ ને સસ્પેન્ડ કરવામાં આવે છે

૪) જ્યારે પણ રાજ્યના કાર્યક્રમો થાય ત્યારે ધાર્મીક વીધી–વીધાનો જોડી દેવામાં આવે છે. જાણીતા રાશ્ટ્રીય નેતાઓના મરણ વખતે રાજ્યના સ્મશાન કાર્યક્રમોનો રાજ્યના ધાર્મીક કાર્યક્રમોમાં સમાવેશ થાય છે. રાજ્ય, મહાવીદ્યાલયો અને જાહેર સંસ્થાઓનો ધાર્મીક પ્રવૃતી માટે ઉપયોગ થાય અને વાત ભુલી જવાય છે કે ભારત તો અનેક ધર્મો, સંપ્રદાયો અને ધર્મમાં ન માનનારાઓનો પણ દેશ છે.

૫) પરદેશની ધરતી ઉપર ભારતીય એલચી કચેરીઓ હીન્દુ ધાર્મીક ચીન્હો/પ્રતીકો ખુલ્લેઆમ દર્શાવે છે. દા.ત.:– લંડન ખાતેની ભારતીય કચેરી સત્ય સાઈબાબાનું પુરા કદનું ચીત્ર દર્શાવે છે. જો કે બાર વર્શ પહેલાં એના શયનખંડમાં છ યુવાન બાળકોને મારી નાંખવાના આરોપો થયા છે અને સરકારને એની યોગ્ય તપાસ કરવાનો સમય નથી.

૬) રાજ્ય સરકારો હોંશે હોંશે હજ પઢવા જતાં ભક્તોને સબસીડીઓ આપે છે અને હવે આ નક્કામી પ્રાથાનો લાભ (આંધ્ર પ્રદેશમાં) હીન્દુઓ અને ખ્રીસ્તીઓને આપી રહયા છે.

૭) રામ સેતુ વીવાદમાં રામનો કોઈ ઐતીહાસીક પુરાવો નથી એ પ્રકારની એફીડેવીટ કરવા બદલ બે સરકારી અધીકારીઓને સસપેન્ડ કરવામાં આવે છે. વળી એના દાવાઓનો આધાર પૌરાણીક વાર્તાઓ છે અને સરકાર વીકાસના કામો હાથ ધરતાં ખચકાય છે. વીરોધીઓનો આધાર પર્યાવરણ નથી, પણ પુરાણો છે.

૮) ભારતીય બંધારણની મુળ નકલમાં ભગવાન રામનું ચીત્ર હતું અને તેથી ભગવાન રામ એક બંધારણીય વ્યક્તી છે એવું વીચીત્ર અર્થઘટન કરી ૧૯૯૧માં અલ્લાહાબાદ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો તીલહારી અને એ. એમ. ગુપ્તાએ ચુકાદાઓ આપેલા છે.

વળી, ઉત્તર પ્રદેશમાં અન્ય એક ચુકાદામાં મનુની માનવ વીરોધી ફીલસુફી ટાંકી બચાવ કરવામાં આવ્યો છે. કોઈ પણ ચુકાદા માટેનો આધાર માત્ર અને માત્ર ભારતીય બંધારણ જ હોવું જોઈએ.

મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ડી. રાજુ એક ચુકાદામાં જણાવે છે કે ૫૦૦૦ સરકારી શુભેચ્છા કાર્ડો ઉપર હીન્દુધર્મના ગાયત્રી મંત્રનો ઉપયોગ બીનસાંપ્રદાયીક બંધારણના કાયદાનો ભંગ કરતી નથી..!

કેરલના ઉચ્ચ ન્યાયાલયે માન્ય રાખ્યું કે સબરીમલાય મંદીરમાં રજસ્વલા સ્ત્રીઓ પ્રવેશ કરી શકે નહીં.

કેરલ રાજ્યની એક ટેકરી ઉપર દૈવી પ્રકાશ પથરાય છે એવા વાર્શીક કૌભાંડને અટકાવવાની રાજ્યની સામ્યવાદી અરકારે ના પાડી, કારણ કે આ અંધશ્રધ્ધામાં લાખ્ખો ભક્તો જોડાય છે અને એનાથી સરકારને મહેસુલી આવક થાય છે.

૯) હીન્દુ તોફની તત્ત્વો દ્વારા એલ. કે. અડવાણીના નેતૃત્ત્વમાં બાબરી મસ્જીદનો ધ્વંસ થયો, એ માટે નીમાએલી લાયબરહાંસ તપાસ સમીતીનો હેવાલ અઢાર વર્શ પછી પણ અધુરો છે.

મધ્યયુગી ટોળા દ્વારા કાયદાપાલન આરંભ

દેશના જાહેર જીવનમાં ધર્મનો એટલો બધો ચંચુપાત છે કે ભારતીય સમાજ ઉપર ધર્મના અંધકારના ઓળા ફેલાયા છે અને એને કાબુમાં રાખવા કોઈ રાજ્યકીય ઈચ્છાશક્તી નથી. જાણીતા ઈમરાના બળાત્કાર કેસમાં, કે જેમાં એ દુ.ખયારી ઉપર એના સસરાએ જ બળાત્કાર કર્યો તો દેવબંધ સંપ્રદાયે ફતવો બહાર પાડયો કે તેણીએ સસરા સાથે લગ્ન કરવા અને એના પતી સાથે દીકરા તરીકે વર્તન કરવું ! વળી આ ઘૃણાસ્પદ બાબતને, તે વખતના મુખ્યમંત્રી મુલાયમસીંઘ યાદવે, ટેકો આપતાં કહયું કે વીદ્વવાનોના નીર્ણયો સામે તેઓ દખલગીરી નહીં કરે. રાજકીય મતવીસ્તારોને સાચવવા અને ધાર્મીક વોટબેન્કો ઉભી કરવાથી, એક આધુનીક રાજ્ય તરીકે ભારતની નામનાને બટ્ટો લાગી રહયો છે.

૨૦૦૪માં પુના ખાતે આવેલ ભંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટયુટના વર્શો પુરાણા કીંમતી દસ્તીવેજોનો હીન્દુ ટોળાઓએ નાશ કર્યો, કારણ માત્ર

એટલું જ કે, મહારાશ્ટ્ર રાજ્યના હીન્દુ ભુતકાળના અભ્યાસથી થએલા સંશોશન તારાણો તેઓને ગમતા નહોતા. કોઈ અસરકારક પગલાં હજી સુધી ભરાયાં નથી.

વયોવૃધ્ધ ભારતીય અને વીશ્વીખ્યાત કળાકાર એમ. એફ. હુસેનને દુબઈમાં આશ્રીત તરીકે રહેવું પડે છે, કારણ કે હીન્દુ મુળભુતવાદીઓ તરફથી એમના જાનને જોખમ છે અને એવું જ માનસ ધરાવતા લોકોએ વડોદરા યુનીવર્સીટીના ચંન્દ્રમોહન નામના વીધાર્થી ઉપર હીન્દુ ભગવાનોના ચીત્રો દોરવા એને ધર્મદ્રોહ ગણી હુમલાઓ કર્યા હતા.

રેશનાલીસ્ટોના હક્કો પર કેવી રીતે તરાપ પડે છે.

ધાર્મીક સ્વાતંત્ર્ય હક્કમાં જ, ધર્મમાં ન માનવાનો હક્ક પણ સમાવીશ્ટ થઈ જાય છે. સંયુક્ત રાશ્ટ્રીય સંઘની વીવીધ સમીતીઓએ પણ આ વાત માન્ય રાખી છે. કોઈપણ દખલ વીના સૌથી આધુનીક શીક્ષણ પ્રાપ્ત કરવાનો પ્રત્યેક મનુશ્યનો અધીકાર છે, જે વીજ્ઞાનનો પાયો છે.

ધાર્મીક માણસો જ્યારે નીતીપાલનના પોલીસ બની જાય ત્યારે ત્યારે માનવવાદીઓ માટે જીવવાનું અઘરું બની જાય છે.

સરકારના અધીકારીઓ મુક્તપણે ધાર્મીક કાર્યક્રમોમાં ભળે છે, જ્યારે માનવવાદીઓ ગુંગળાતા હોય છે. અમારી ચળવળના સાથી, અંધશ્રધ્ધા અને ધાર્મીક જુલ્મના વીરોધી તસ્લીમા નસરીનને ધાર્મીક લાગણી દુભાવવા બદલ કાયદાના અને લોકોના રોશનો ભોગ બનવું પડે છે. ધર્મની બદનામી થાય છે એવા બહાના હેઠળ રાશ્ટ્રીય અને આંતરરાશ્ટ્રીય કાયદાઓ દ્વારા હાલની જે સ્વતંત્રાઓ છે તે ખુંચવી લેવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. ધર્મની બદનામીની વાત જ વાહીયાત છે કારણ કે જે હક્કો છે તે વ્યક્તીઓને છે ધર્મને નથી. વળી બદનામી શબ્દની કોઈ સ્પશ્ટ વ્યાખ્યા નથી, એટલે મન ફાવે તેવું અર્થઘટન થાય છે.

સ્વતંત્રતા તો ઘણી આપી દીધી પરંતુ તેનો અમલ ન થઈ શકતો હોય તો એ સ્વતંત્રતાનો અર્થ શો છે ? ધર્મમાં માનવાનો હક્ક છે તેમ જ ધર્મમાં ન માનવાનો પણ હક્ક છે અને તેથી તેને પડકારી શકાય નહીં. ધાર્મીક સ્વતંત્રતાનો અર્થ જ એ થાય છે કે પોતાના કે અન્ય ધર્મની ટીકા કરી શકે કારણ કે એમાં જ ધાર્મીક સુધારા અને સામજીક પ્રગતીનું હાર્દ છે. પણ ધાર્મીક સ્વાતંત્રતા ભોગવવા માટે અભીવ્યક્તી સ્વતંત્રતાને ગુંગળવી શકાય નહીં. બંને એકસરખા મહત્ત્વના છે. કોઈપણ સ્વતંત્રતાનો ધ્વંસ થવો ન જોઈએ. મુળ વાત એ છે કે કોઈપણ વ્યક્તી કાંઈ પણ બોલે તે પહેલાં તે વીચારી લે કે તેનાથી પોતે કોઈ અન્યના પાયાના હક્કો પર તરાપ તો નથી પાડતો ને.

ગુરુપુર્ણીમા એટલે ગુરુની છઠ્ઠી જાણવાનો દીવસ

આજે ગુરુ કોણ છે તે નહી, પણ ગુરુ કેવો છે ? એ પ્રશ્ન મહત્ત્વનો બની ગયો છે. ગુરુપુર્ણીમા હવે ગુરુના પુજનના દીવસ તરીકે નહી, પણ ગુરુને ઓળખવાના દીવસ તરીકે ઉજવવાની જરુર છે.

આજે ગુરુ અને ગુંડા વચ્ચેનો ભેદ પારખવો આકરો થઈ ગયો છે.

ધરમના આશ્રમો હવે શરમના આશ્રમો બનતા જાય છે. કેમેરા ગોઠવાતા નથી, બાકી રોજ રાતનાં દ્શ્યો સીડીકાંડ જેવા હોય છે.

હવે ધર્મના નામે કરોડો – અબજોની હેરાફેરી કરતા ગુરુઓ ઉપર 'સેબી' જેવી કોઈ 'ગેબી' એજન્સીની રચના થવી જોઈએ. જાથા જેવી કેટલીક સંસ્થાઓ આવા ગુરુઓના ચીરહરણ કરવાનું કામ કરે છે.

સાચા સંતો અને ગુરુઓ હવે બીલોરી કાચ લઈને શોધવા પડે તેવી હાલત છે. મહાન ચીંતક જે. કૃશ્ણમુર્તી કહેતા કે હું કોઈનો ગુરુ નથી અને કોઈ મારો શીશ્ય નથી. આજના ગુરુઓ પહેલું કામ ચેલા મુંડવાનું કરે છે.

આજનો સમય ગુરુઓનું ધ્યાન આંખો મીંચીને કરવા જેવો નથી, પણ આંખો ખુલ્લી રાખીને ગુરુનું ધ્યાન રાખવા જેવો છે.

આજે ગુરુપુર્ણીમાના દીવસે એટલું જ વીચારવાની જરુર છે કે તમે ગુરુ સમજીને જે મળે તેને મહાત્મા માનો છો એ મહાત્મા પ્રેતાત્મા તો નથીને ! જો એવું હોય તો વહેલી તકે એની ભુતાવળમાંથી મુક્ત થઈ જાવ

['દીવ્ય ભાસ્કર'માંહેના તા. ૧૮-૭ના ગુરુપુર્ણીમા પર્વે કૃશ્ણકાંત ઉનડકટના લેખની સાભાર સારવણી]

(આ અંકનો અગ્રલેખ પણ વાંચો)

વૈચારીક વ્યાયામ – પી. ડી. સુમેસરા

સંકુચીતતામાં નહીં, ઉદારતામાં જ રેશનાલીઝમનું હીત છે.

વીવેકપંથીના વૈચારીક વ્યાયામમાં 'રેશનાલીસ્ટો અને મોરારીબાપુ' મથાળાં હેઠળ ડંકેશ ઓઝાએ ખુબ સરસ વાત કહી છે. ક્યારેક એવું પ્રતીત થાય છે કે આપણે રેશનાલીસ્ટો પણ એવું વીચારીએ છીએ કે દુનીયા ફક્ત અમારા થકી જ સુધરી શકે, અને એ સુધારણાના નોર્મ્સ પણ આપણી રીતે હોય તો જ !

એક જ ઉદાહરણ જોઈએ. રમણ પાઠકનાં શૌચાલય બાંધવાના વીચાર–બીજને મોરારીબાપુએ વધાવી લઈને એક આખી કથા બારડોલીમાં અર્પણ કરી, તેમાંથી દોઢ કરોડ જેટલું ફંડ ભેગું થયું અને બારડોલી તથા તેની આસપાસના કેટલાય ગામડાઓમાં ગરીબો અને વંચીતો માટે શૌચાલ્યો ઉપલબ્ધ કરાવ્યા. રેશનાલીઝમ અને સ્પીરીચ્યુલીઝમના સુભગ સમન્વય થકી એક આવું લોક–ઉપયોગી નક્કર કાર્ય થઈ શક્યું.

આપણે એક પાણીની પરબ બાંધવા માટેય અસમર્થ છીએ, ત્યારે સમર્થ એવા બાપુની સહાય અને સહકાર મેળવવામાં નાનમ શાની ? આખરે રેશનાલીઝમનો ઉદ્દેશ પણ લોકકલ્યાણ અને માનવ ઉત્થાન જ છે ને ! શૌચાલયો જેવા લોક ઉપયોગી કાર્યો બાપુના સાન્નીધ્યમાં થયા ત્યારે કેટલાક ટીકાકારોએ ટીકા કરેલી કે રમણ પાઠક મોરારીબાપુના ખોળામાં બેસી ગયા. તે વખતે બાપુએ ટીકાનો જવાબ આપતાં કહ્યું હતું, "લો, રમણ બાપા મારા ખોળે નથી બેઠા, પરંતુ હું રમણબાપાના ખોળે બેઠો છું." આ ઉદારતા અને આ સૌજન્ય !

કોઈ વ્યક્તી ૯૦% રેશનાલીસ્ટ હોય તો પણ તેને આપણે આવકારવી જોઈએ અને વધાવવી જોઈએ. આજે ૯૦% રેશનાલીસ્ટ છે તો કાલે ૧૦૦% થશે એવી આશા રાખી શકાય. પરંતુ કોઈ વ્યક્તી ૯૦% જ રેશનાલીસ્ટ છે માટે આપણે તેને દુર રાખીએ કે તેની અવગણના કરીએ એમાં તો અંતે રેશનાલીઝમને જ નુકશાન પહોંચે છે. ચુસ્ત રેશનાલીસ્ટ હોવાનો જ આગ્રહ રાખીએ ત્યારે આપણે પણ કોઈ સંપ્રદાય ઉભો કર્યો હોય એવું પ્રતીત થાય છે.

એ બાબતે સ્વામી સચ્ચીદાનંદજી એક ઈશ્વરના સ્વીકારને બાદ કરતાં સંપુર્ણ પણે રેશનાલીસ્ટ કહી શકાય. એમના લેખો અને પ્રવચનોમાં વૈજ્ઞાનીક અભીગમ અને વીવેકબુદ્ધી પર તેઓ ખાસ્સો ભાર મુકતા હોય છે. લોકો પર અને સમાજ પર એમની ખાસ્સી ઈમ્પેકટ હોય આપણે એમને રેશનાલીઝમના પ્રચાર–પ્રસાર માટે માધ્યમ બનાવીએ તો રેશનાલીઝમની ઘણી સેવા કરી ગણાય. મોરારીબાપુ અને સ્વામી સચ્ચીદાનંદ જેવા રેશનાલીઝમને સારી રીતે સમજી શકે છે, તેઓ જ લોકો સુધી રેશનાલીઝમને પહોંચાડવા માટે શક્તીમાન અને સામર્થ્યવાન છે. બાકી તો રમણ પાઠક પણ કહે છે કે આપણું કેટલા સાંભળે ? વીવેકબુદ્ધી ઉપરાંત વીનય–વીવેક, નમ્રતા અને ઉદારતા પણ રેશનાલીઝમનાં પાયાનાં ગુણો છે. ●

રેશનાલીસ્ટની હોજરી સાંકડી ના હોય – ખીમજી કચ્છી

૭૫મા અંકના તંત્રીલેખમાં તંત્રીએ કહેલી વાત સાચી છે. 'વીવેકપંથી' ઓપન ફોરમ જ હોઈ શકે.

સામા પક્ષેથી સવાલ ઉઠાવાયો છે કે 'શું કોઈ ધાર્મીક પત્રીકાઓ કે પત્રો રેશનાલીઝમ વીશે છાપે છે ?' સામે જવાબ પણ સચોટ છે કે 'એમની અને આપણી વચ્ચે એ જ તો ફરક છે. એ ચોપાનીયાં બંધીયાર હોય છે, જ્યારે આપણે મુક્ત.'

ગાંધીજી, મોરારીબાપુ, ગુણવંત શાહ કે સચ્ચીદાનંદના વીચારો બાબત કેટલાક રેશનાલીસ્ટોને પુર્વગ્રહ છે, કારણ એ જ કે એ લોકો ઈશ્વર અને ધર્મને માને છે. પણ શું એ એકમાત્ર કારણે એમના રેશનલ વીચારોને પણ નકારવા ? આ તો રેશનાલીઝમને રુંધવાની જ વાત થઈ.

હું એમ પુછવા માગું છું કે ઈશ્વર અને ધર્મને મુદ્દલ માને નહી તે જ માત્ર રેશનાલીસ્ટ ગણાય એવું ક્યાં, કોણ લખી ગયું છે ? શું રેશનાલીઝમ એટલામાં જ બંધાઈ જાય છે ? જાણ્યે અજાણ્યે આપણે એક નવો સંપ્રદાય તો ઉભો કરી રહ્યા નથીને ? રમણ પાઠક જેને રેશનાલીસ્ટ જીવનશૈલી કહે છે તે શું છે ?

ઈશ્વરનું અસ્તીત્વ તો એ સમર્થો પણ સાબીત કરી શક્યા નથી અને કરી શકવાના પણ નથી, તો ભલેને વાતો કર્યા કરે. આપણે એમના રેશનલ વીચારો પણ માત્ર એ એક જ કારણસર પચાવી ના શકીએ એટલી આપણી હોજરી સાંકડી ના હોવી જોઈએ.

તંત્રીની કલમે

જોઈએ એ વ્યંગ્ય પાછળની વેદના

પહેલા પાના પરનું વ્યંગ્ય, અર્થાત્ વ્યંગયુક્ત વાત વાંચીને તમારા લાગણીતંત્ર પર શી અસર થઈ ? રમુજ ઉપજી? ધીક્કાર પ્રગટયો કે હતાશા થઈ ? વેદનાથી હૈયું વલોવાયું ખરું ? છેલ્લા સવાલનો જવાબ જો 'હા' હોય તો તમે રેશનાલીસ્ટ છો.

રમુજ તો એક સાહજીક ભાવ છે. વાંચી કે સાંભળીને હસી કાઢયું કે વાત પુરી. પણ ઉક્ત વીશયમાં એવી સાહજીક રમુજને અવકાશ નથી. હા, ભારતીય નાગરીકના નાતે ધીક્કાર પ્રગટે કે કેમ તેનો આધાર આપણાં અંગત વલણ પર છે. નીજી વહેવારોમાં 'લઈ-દઈ'ને પતાવી દેવાનું વલણ હોય, તો ધીક્કાર ના પણ પ્રગટે. 'હોય એ તો' : અને નાણાંને જ મકસદ માનીને ચાલનારા માટે થોડો ઈર્શાભાવ પણ શક્ય ખરો; ' અરેરે.... આટઆટલું કર્યું, પણ આપણે તો ઠેર ના ઠેર જ રહ્યા:'

પણ જો રેશનાલીસ્ટ હોઈશું તો જરુર વેદના અનુભવશું , વેદનાથી તરફડી ઉઠશું. વ્યક્તીદીઠ પચ્ચીસ કરોડનો ભ્રશ્ટાચાર આપણને હલબલાવી નાખશે. આ નૈતીક અધ:પતન આપણાથી જીરવાશે નહી. દેશની પાંત્રીસ ટકાથી વધુ વસતી કુપોશણથી પીડાઈ રહી છે. પુરું પેટ ભરવાનું પણ એની પાસે સાધન નથી ત્યારે એના જ બેઈમાન નેતાઓ કરોડોમાં તોળાય છે એ સાંભળીને ક્યો નીતીમાન નાગરીક – કયો રેશનાલીસ્ટ સ્વસ્થ બેસી શકે ?

એક કરોડ રુપીયાની નરસીંહ રાવની પેલી પેટી યાદ છે ને ! કેટલી બધી ચર્ચાએ ચડી'તી એ પેટી! પાંચસો કે હજારની નોટો ત્યારે ચલણમાં નહોતી. કરોડ રુપીયાની સો સો ની નોટો સમાવવા માટે પેટીનું કદ કેવું હોવું જોઈએ એ પણ ચર્ચાનો વીશય બન્યો હતો.

એની પણ વર્શો પહેલાંની એક વાત સચીવાલયમાં આવન-જીવન કરતા એક દલાલના મોંએ સાંભળી હતી. "મુખ્ય પ્રધાને તેના અંગત સચીવ (P.A.) ને સુચના આપી રાખી છે કે હવેથી દસ લાખની નીચેનો મામલો મારી પાસે લાવશો નહીં. તમે જ પતાવી લેજો". આજે એક વીશ્વાસમતના પચ્ચીસ કરોડ સંભળાયા છે, ત્યારે આપણી ગતી કઈ દીશાની છે તે દર્શાવવા માટે જ ઉપલા બે દાખલા યાદ કર્યા છે.

સ્વાતંત્ર્ય મળ્યાનાં વર્શો પહેલાં ગાંધીએ સ્વતંત્ર ભારતના વહીવટકર્તા (પ્રધાન)ની કલ્પના કરી હતી કે 'એ ખર્ચ જોગો (પાંચસો)નો પગાર લઈને ૧૮ કલાક કામ કરવા કાર્યાલયે સાયકલ પર જતો હશે.' હસવું આવે છે ને !

ગાંધી-વીનોબા જેવાઓના આદર્શો આજે તો છેક જ અસંગત બની ગયા છે. આ લખનારને મોરારજી દેસાઈના સાનીધ્યનો ઠીક ઠીક લાભ મળ્યો છે. મોરારજીભાઈ કહેતા 'બીજા ખોટું કરતા હોય તેની ફરીયાદ કરવા કરતાં તમે પોતે કદી ખોટું નહી કરવાનો સંકલ્પ કરો.' ભ્રશ્ટાચાર નીવારણના ઉપાયમાં એ કહેતા, 'સજ્જનોએ રાજકરણમાં પ્રવેશવું જોઈએ'. આજે તો પ્રશ્ન એ છે કે સજ્જન કે સજ્જનતા રાજકારણમાં ટકી શકે ખરાં ?

આ જ પાનાંઓ પર અગાઉ લખાઈ ચુકયું છે કે જો આપણા દેશનેતાઓ અને રાજકારણીઓ રેશનાલીસ્ટ હોત તો દેશની મુદ્રા જુદી જ હોત. આપણા 'દશા-દીશા દસ્તાવેજ'માં નીશ્કર્શમાં રેશનાલીસ્ટ ચળવળને સામાજીક ન્યાયની ચળવળ ગણવામાં આવી છે. આર્થીક અસમાનતામાં સામાજીક ન્યાય સંભવી શકે જ નહીં.

આ જ સંદર્ભે રાજકારણની હારોહાર ધર્મકારણની ચર્ચા પણ થઈ શકે તેમ છે. ભૌતીક સંપત્તીમાં એ બેમાંથી કોણ ચડે તે નક્કી કરવું અઘરું. ધર્મ-ધુરંધરો અને પરમ્ પુજ્યો (ધધુપપુઓ) કરોડો અને અબજોની સંપત્તી ક્યાંથી લાવ્યા હશે તેવો પ્રશ્ન ઉઠાવવો તો દુર, તેના પર ગંભીર વીચાર પણ કરવામાં નથી આવતો. ધરતી પરનાં આપણાં કામ પાર પાડી આપવાનો ઈજારો જેમ રાજકારણીઓ ધરાવે છે તેમ ધરતી પારનાં કાર્યોનો ઈજારો સંત-મહંતોએ પોતાની પાસે રાખ્યો છે. એની કીંમત વસુલ કરી લેવાની બંનેની કળા આપણાં માથાંની પેલી પાર છે. (ગુરુપુર્ણીમાવાળું નવમું પાનું વાંચો)

ભ્રશ્ટાચાર રાજકારણનો હોય કે ધર્મકારણનો- બંનેમાં માનવતાનો હ્રાસ છે અને રેશનાલીઝમનું બીજું નામ છે માનવવાદ. અર્થાત્ ઉપર કહ્યા તેવા અનીશ્ટોમાંથી ઉગરવાનો એકમેવ માર્ગ જો કોઈ હોય તો તે છે રેશનાલીઝમ.

વાસ્તુશાસ્ત્રમાં કોઈ વીજ્ઞાન નથી

– સીદ્ધાર્થ શાક્ય

'ગુજરાત વીધાનસભાનું મકાન વાસ્તુશાસ્ત્રની દ્રષ્ટીએ બુંદીયાળ છે. વાસ્તુપુરુશની નાભી પર બીરાજમાન ગુજરાતનું વીધાનભવન સ્થીરતા અને શાંતી સ્થાપવા દેતું નથી. આ ઈમારતમાં કોઈ સરકાર પાંચ વરસ પુરાં નહીં કરે'

– કનુભાઈ પુરોહીત, મોકલનાર : ગોપાલ પંડયા

(ચીત્રલેખા તા. ૨૩-૩-૯૮, પાનાં નં ૪૧)

ધર્મ, જ્યોતીશ અને વાસ્તુશાસ્ત્ર ઉપર પીએચ.ડી. કરી ચુકેલા વડોદરા સંસ્કૃત મહાવીદ્યાલયના વાઈસ પ્રીન્સીપાલ કનુભાઈ પુરોહીતે દસેક વર્શ પહેલાં કરેલી ઉપરોક્ત પ્રસ્તુતી અને ભવીશ્યવાણી આજે બીલકુલ ખોટી પુરવાર થઈ છે, કારણ કે લગભગ છેલ્લા આઠેક વરસથી નરેન્દ્ર મોદી ગુજરાતની ગાદી પર સ્થીરતાથી ગુજરતાનું શાસન એકધારું સંભાળી રહ્યા છે, જે ગુજરાત અને સમગ્ર દેશમાં નોંધપાત્ર અને લોકપ્રીય પણ બન્યું છે. હજી ચારેક વર્શ સુધી એમનું શાસન ચાલુ રહેવાનું છે અને કદાચ ત્યારબાદ પણ.

આજે કનુભાઈ પુરોહીતને કોઈ પ્રશ્ન પુછે કે તમારું વાસ્તુશાસ્ત્ર કેમ ખોટું પડયું ? તો તેઓ કદાચ નરેન્દ્ર મોદીની ગ્રહદશા યા બીજું કોઈ એવું જ બહાનું આગળ ધરશે. પરતું ત્યારે પ્રશ્ન એ ઉઠે છે કે એવી વાત અર્થાત નરેન્દ્ર મોદી પોતાની અતી બળવાન ગ્રહદશાને કારણે ૨૦૦૦ થી ૨૦૧૨ સુધી એકધારી સરકાર ચલાવશે એવી આગાહી ૧૯૯૮માં કેમ નહોતી કરી ?

વાસ્તવીકતા એ છે કે જેમ જ્યોતીશશાસ્ત્ર એના પાયામાંથી જ ખોટું છે, તેમ વાસ્તુશાસ્ત્ર પણ એના પાયામાંથી ખોટું છે. વાસ્તુશાસ્ત્રનો પાયો 'દીશાઓ' છે. વાસ્તવમાં સૃશ્ટીમાં આવી કોઈ દીશાઓ જ નથી. આપણી સગવડ માટે સુર્ય ઉગે તેને આપણે પુર્વ દીશા વગેરે કહીએ છીએ. આ દીશાઓ અને ખુણાઓ કાલ્પનીક છે.

પુર્વ દીશા ક્યાં પુરી થાય છે, અને અગ્ની ખુણો ક્યાંથી શરુ થાય છે એનું કોઈ માપ, નીશાન કે સંકેત વાસ્તુશાસ્ત્રીઓ દર્શાવી શકતા નથી. સૃશ્ટીમાં જો આવી દીશાઓ અને ખુણાઓ ખરેખર હોય તો માત્ર આખા મકાનો જ નહીં, પરંતુ મોટા મોટા દેશો પણ એક જ દીશામાં કે ખુણામાં જ આવી જાય. પછી એને માટે બીજી કોઈ દીશાઓ કે ખુણા રહેતા જ નથી, કારણકે તેની ચારે બાજુએ એક જ દીશા કે ખુણો જ હોઈ શકે. આમ જેનો પાયો જ કાલ્પનીક અને ખોટો હોય તે વાસ્તુશાસ્ત્ર વીજ્ઞાન અને સત્ય કેવી રીતે હોઈ શકે ?

વાસ્તુશાસ્ત્રમાં કોઈ સચ્ચાઈ કે વીજ્ઞાન નથી એનું સૌથી મોટું પ્રમાણ છે બહુમાળી મકાનોના સમાન બાંધકામવાળા અને સમાન દીશાઓ ધરાવતા ફ્લેટોમાં વસતા માણસોનું અસમાન, ભીન્ન અને વીરોધાભાસી જીવન.

જો ઘરના બાંધકામ પ્રમાણે મનુશ્યના જીવન પર પ્રભાવ પડતો જ હોય તો બહુમાળી મકાનોના ઉપર નીચેના સમાન પ્રવેશદ્વાર, દીવાનખંડ, રસોડું, બાથરુમ-ટોઈલેટ આદી ધરાવતા ફ્લેટોમાં વસતા માનવપરીવારોના જીવન એકસરખા થઈ જવાં જોઈએ. પરંતુ આપણે જોઈ શકીએ છીએ કે આ સરખા ફ્લેટવાસીઓના સુખ-દુ:ખ, રસ, રુચી, સંકટો, આફતો, પ્રશ્નો, સમસ્યાઓ ભીન્ન અને વીરોધી હોય છે. આ દર્શાવે છે કે વાસ્તુશાસ્ત્રીઓ કહે છે તેવી દીશાઓની કોઈ અસર મનુશ્ય જીવન પર થતી નથી. આમ જેનો પાયો જ ખોટો છે, તેવું વાસ્તુશાસ્ત્ર કદાપી વીજ્ઞાન હોઈ શકે જ નહીં. ●

વાર્શીક રુ. ૧૨૦૦

સ્વૈચ્છીકરીતે રુ. ૧૨૦૦નો ચેક મોકલી આપનાર આ વર્શના બીજા મીત્ર છે

હંસરાજ હેમરાજ મારુ ફોન : ઘર ૨૪૧૪ ૭૯૩૦ – ૨૪૧૫ ૧૪૭૧

જે મીત્રો છેલ્લા બે-ત્રણ વર્શથી સહકાર આપે છે તેઓ આ વર્શે પણ પાછળ નહી જ રહે તેવી આશા છે. મીત્રો, તમારું આ સ્વૈચ્છીક યોગદાન રેશનાલીઝમમાં પ્રાણવાયુ પુરનારું છે.

"ઘરનાં કબાટો અને ઘર આખું અસ્તવ્યસ્ત અને ઉપરતળે થઈ ગયેલું જોઈને પણ સવારે તમને વીચાર કેમ ના આવ્યો કે રાત્રે ઘરમાં ચોર ઘુસ્યા હશે ?"

"મને એમ કે મારા પતીએ પોતાનું પાટલુન શોધ્યું હશે."

"દાખલ થતા વેંત મેં તારા પપ્પાને કહ્યું'તું કે દીકરા માટે મારું ટયુશન રાખી લો. પણ માન્યા નહી અને જો તું નાપાસ થયો ને !"

"જી સાહેબ, પણ મારા પપ્પાની ઈચ્છા એવી હતી કે હું તમારી મદદ વગર જ નાપાસ થાઉં."

વીચારનીશ્ઠા કે વ્યક્તીનીશ્ઠા ?

– ગોવીંદભાઈ રાવલ

વીચાર અપૌરુશેય છે. વીચારની વાહક વ્યક્તી તો એક નીમીત્ત છે. મોટા ભાગના વીચારો ઐતીહાસીક આવશ્યકતાની નીપજ હોય છે. કહેવાય છે કે વેદો અપૌરુશેય છે. નામી–અનામી એવા અનેક રુશી–મુનીઓને એમના અંતરમાં સ્ફુરેલાં સ્પંદનો એ છે વેદની રુચાઓ.

દરેક વીચાર સમાજ જે મુકામ પર આવી થંભી ગયો હોય ત્યાંથી તેને એક કદમ આગળ લઈ જાય છે. દરેક વીચાર જીવનને પોશક–સંવર્ધક એવા કોઈક મુલ્યની ઉદ્‌ઘોશણા કરે છે.

દા.ત. - सत्यमेव जयते ।
- अहींसा परमो धर्मः ।

આવાં જીવનમુલ્યોને જીવીને તેની ઉદ્‌ઘોશણા કરનાર વ્યક્તી અમર થઈ જાય છે. દા.ત. સત્ય બોલતાં જ આંખ આગળ રામ ખડા થઈ જશે, પ્રેમ બોલતાં કૃશ્ણ, કરુણા બોલતાં બુધ્ધ, અહીંસા બોલતાં મહાવીર, સેવા બોલતાં ઈસુ, શાંતી બોલતાં મહંમદ, સત્યાગ્રહ બોલતાં ગાંધીજી.

અસલમાં તો આ વ્યક્તીઓ જે તે જીવનમુલ્યને એવું તો જીવ્યા કે જે તે મુલ્યનો એ પર્યાય બની ગયા. કાળાંતરે બને છે એવું કે – મુલ્યને વીસારી આપણે વ્યક્તીને જ સેવવા લાગીએ છીએ. તેથી બાહ્ય ક્રીયાકાંડ, પાઠ–પુજા, હોમ–હવન, મંદીર–મસ્જીદ, મુર્તી–દરગાહ વગેરે ક્રીયાકલાપમાં અટવાઈ મુલ્યને વીસરી જઈએ છીએ.

માનવ સ્વભાવની આ એક નબળાઈ છે કે તે વીચારને વીસરી વ્યક્તીને પુજવા મંડી પડે છે. આમાંથી Hero worship – વ્યક્તી પુજાનો ઠઠારો વધી ઘણો જાય છે.

પ્રાચીનકાળમાં વેદ–ઉપનીશદ યુગમાં વ્યક્તી પ્રામાણ્ય નહોતું પણ રામાયણકાળથી આ પરંપરા શરુ થઈ, રામાયણમાં રામ, મહાભારતમાં કૃશ્ણ. અલબત્ત એમાં એ નરશાર્દુલ કે પુરુશોત્તમ રુપે નીરુપાયા હતા. પણ ભાગવત, હરીવંશ અને તુલસી રામાયણમાં એ સાક્ષાત્ ઈશ્વર તરીકે ઉપસી આવ્યા. જૈનધર્મી અનીશ્વરવાદી. પણ તેમાં તીર્થંકરો ભગવાનરુપે પુજાય, બુધ્ધે તો પોતે જ મુર્તીપુજાનો વીરોધ કરેલો, પણ એમની મુર્તીઓ થઈ અને એની પુજા પણ થવા લાગી. ખ્રીસ્તીઓમાં ઈસુ અને મેરીની ઈશ્વર જેવી જ પુજા થાય છે. ઈસ્લામમાં મુર્તી પુજા નથી પણ દરગાહોની કેટલી બોલબાલા છે ?

સ્વામી આનંદ કહેતા – માનવી અપુર્ણ છે. એને એવી કોઈક જગા જોઈએ જ્યાં એ પોતાનું માથું ટેકવી ઉડી સાંત્વના અનુભવે.

જે તે ધર્મોમાં જે અનેક સંપ્રદાયો ઉભા થયા છે તેમાં પણ તેના મુળ પ્રવર્તક ભગવાનરુપે જ પુજાતા હોય છે. દા.ત. પ્રણામી સંપ્રદાયમાં પ્રાણનાથજી, સ્વામી નારાયણ સંપ્રદાયમાં સહજાનંદ સ્વામી. આ ચેપ એવો છે કે એના ગાદીપતી ગુરુઓ પણ લગભગ ભગવાનની જેમ જ પુજાય છે. અરે, ક્યારેક તો ભગવાન કરતાં પણ અધીક.

ખુદ કબીરે જ કહ્યું,

गुरु गोवींद दोनो खडे, कीनको लागु पाय ।
बलीहारी गुरु आपकी जीन्हें गोवींद दीयो बताय ।

સત્‌ને ગુરુ માનવાને બદલે ગુરુને સત્ માની સંપ્રદાયો ચાલે છે.

આમ ધાર્મીક પરંપરાઓમાં તો વીચારનીશ્ઠાને બદલે વ્યક્તીનીશ્ઠા બળવત્તર છે. પણ આજના યુગમાં જે નવો વીચાર આવ્યો – લોકશાહીનો, જેમાં વ્યક્તી કોઈ શાહ નહીં, રાજા–બાદશાહ નહીં પણ લોક જ શાહ, પણ વ્યવહારમાં ત્યાં પણ શું થાય છે ?

આજે લોકશાહી પક્ષીય ધોરણે ચાલે છે. પહેલાં તો ત્યાં જ લોકોનો લોપ થયો. પક્ષમાં પણ હાઈકમાન્ડ એ રાજા નથી તો શું છે ?

લોકશાહીએ આપેલાં જીવનમુલ્યો, સ્વતંત્રતા, સમાનતા, સેક્યુલારીઝમ વગેરેની શું દશા છે ?

એના બદલે પક્ષોમાં વંશવાદ, વ્યક્તીવાદ, મુડીવાદની બોલબલા નથી શું ? કોઈ પ્રામાણીક, સેવાભાવી, અભ્યાસી, પણ સામાન્ય માણસ આજે ચુંટણી લડી શકે ખરો ? લોકશાહી મુલ્યોની કેળવણી કરવાને બદલે પક્ષો એમના દેશકક્ષાના કે પ્રાંતકક્ષાના હાઈકમાન્ડને નામે જ મત માગતા હોય છે.

મુલ્યોની કેળવણી નથી ધર્મોમાં થતી, નથી લોકશાહીમાં થતી.

ગાંધીજીની પણ આપણે એ જ દશા કરી. ખુદ ગાંધીજી તો કહેતા કે મેં ગાંધીવાદ જેવો કોઈ ઉપદ્રવ કર્યો નથી. મારે દુનીયાને કશું નવું આપવાનું નથી. હું તો સત્ય અને અહીંસાની જ વાત કરું છું (જે જીવન મુલ્યો છે.) હા, એમનું પ્રદાન જરુર છે. એ મુલ્યો સત્ય અને અહીંસાનું એમણે એવું સંયોજન કર્યું કે તેમાંથી 'સત્યાગ્રહ'ના નવતર વીચારનો આવીશ્કાર થયો. ગાંધીજી દ્વારા એક નવું મુલ્ય–સત્યાગ્રહ (અન્યાયનો અહીંસક પ્રતીકાર) આપણને મળ્યું. પણ ગાંધીજી પ્રેરીત આ મુલ્ય કે તેમનાં એકાદશ વ્રતના સેવન ઉપર જેટલો ભાર અપાતો નથી તેટલો ભાર એક વ્યક્તી તરીકે ગાંધીજીના નામ પર મુકાય છે. અને તેથી આપણી પરંપરીત માનસીકતા મુજબ આપણે ગાંધીવાદ પર – વ્યક્તી પ્રામાણ્ય પર વધુ ભાર મુકીએ છીએ.

ગાંધીજી તો કહેતા કે મેં ગાંધીવાદ જેવો કોઈ ઉપદ્રવ કર્યો નથી

અન્યથા ગાંધીજીએ તો પ્રાચીન મુલ્યોનું સામાજીકરણ કરી તેમના દર્શનને 'ગાંધીદર્શન' તરીકે નહીં, પણ 'સર્વોદય દર્શન' રુપે નીરુપ્યું છે. सर्वत्र सुखीनो सन्तु । लोकाः समस्ता सुखीनो भवन्तु-भवतु सर्वमंगलम् । આ 'સર્વોદય દર્શન'નાં મુળ પણ એમને પ્રાચીન પરંપરામાંથી જ મળ્યાં છે.

આ વચનો બતાવે છે કે સર્વોદય વીચાર એ ઘણો પ્રાચીન વીચાર છે પણ હા, જેમ તેમણે સત્ય અને અહીંસાના પ્રાચીન મુલ્યોમાંથી 'સત્યાગ્રહ'નો નવતર વીચાર જન્માવ્યો, તેમ સર્વોદય વીચારમાં પણ તેમણે 'અંત્યોદય'નો નવતર વીચાર ઉમેર્યો. તેમણે સમજાવ્યું કે અંત્યોદય વીના સર્વોદય અધુરો છે. આ પણ વીચારના ક્ષેત્રે ગાંધીજીની દેણ કહી શકાય.

પ્રાચીન કાળમાં જ્યારે સર્વના સુખની, મંગલની કામના સેવાતી હતી ત્યારે પણ શુદ્રો અને સ્ત્રીઓની અવહેલના થતી હતી તેથી આધુનીક યુગમાં ગાંધીજીએ સાચા અર્થમાં સર્વોદય સીધ્ધ કરવા માટે અંત્યોદય પર ભાર મુકી સર્વોદયદર્શનને પરીપુર્ણ બનાવ્યું. પણ આપણે પાછા વ્યક્તી નીશ્ઠામાં સરી ન જઈએ એ માટે થઈને તેમણે પોતે જ ગાંધીવાદને બદલે 'સર્વોદય દર્શન' તરીકે તેમના વીચારને પ્રતીશ્ઠીત કર્યો છે. હા, એક વાત કબુલવી જોઈએ કે સર્વોદય વીચાર ખીલવામાં તેમ જ તેમાં અંત્યોદય દ્રશ્ટી દાખલ કરવામાં ગાંધીજીને રસ્કીનના Un to the last પુસ્તકે ભારે પ્રેરણા આપી છે.

વીચાર તો એક વહેતો પ્રવાહ છે. એ વહેતો રહે તો જ નીત્ય નુતન રહે. પણ વીચાર જ્યારે બધ્ધમત બની જાય ત્યારે તેનો વીકાસ અટકી જાય છે. ત્યારે વીચાર 'વાદ' બની જાય છે. આ દશા ધર્મોની થઈ અને લોકશાહી યુગના વીચારોની પણ થઈ. એને લઈ મુડીવાદ, સામ્યવાદ, સમાજવાદ, અરે ગાંધીવાદ જેવા ગાંધીજીની ભાશામાં ઉપદ્રવો થયા. જુના જમાનામાં તો કહેવાતું કે वादे - वादे जायते तत्त्वबोधः । પણ અત્યારે તો જોવા મળે છે કે જ્યાં વાદ ત્યાં વીવાદ. વાદને પોતાનું જ मम सत्यम् હોય છે. વીનોબાની ભાશામાં मम सत्यम् इती युध्धम् । આપણે જોઈ શકીએ છીએ કે આ બધા વાદો કેવા યુદ્ધો કરી રહ્યા છે ? મુડીવાદ હોય કે સામ્યવાદ, વીકાસને નામે એ ગરીબોનો અને પર્યારવણનો ખાત્મો જ બોલાવી રહ્યા છે. એને એ વીકાસની કીંમત સમજે છે. જુના જમાનામાં ઇચ્છીત પ્રાપ્તી માટે 'પ્રાણી'નો બલી અપાતો. એમ બધા વાદો વીકાસ માટે થઈને ન કેવળ મનુશ્યનો પણ જીવનના અસ્તીત્વનો જ બલી આપી રહ્યા છે. એમને સમજાતું નથી કે આ અમે ઉભો કરેલો ભસ્માસુર અંતતોગત્વા તો અમને જ ગળી જશે.

માનવજાતે આજ સુધીમાં વીચારના ક્ષેત્રે જે જે પ્રદાન કર્યું છે તે દરેક વીચારે માણસને એ જ્યાં હતો ત્યાંથી જરુર આગળ લીધો છે પણ કાળાંતરે જે તે વીચાર વીકસતો અટકી જાય છે ત્યારે એ પોતે જ એક સ્થાપીત હીત થઈને વીકાસની આગળની યાત્રાને રુંધે છે.

વીચારની દુનીયામાં 'સર્વોદય વીચાર' છેલ્લો અને સર્વ સામવેશક વીચાર છે. પણ એ પણ પુર્ણ છે એવો દાવો ન કરી શકાય. અપુર્ણ માનવના હાથે પુર્ણનું સર્જન શક્ય નથી. એટલે સર્વોદય વીચાર એક વીકસતો વીચાર છે. તેમાં દેશકાળની જરુર મુજબ ઘણું ઉમેરણ થશે. સતત સુધારા વધારા થતા રહેશે. માનવજાત જીવંત છે ત્યાં સુધી વીચારનો વીકાસ થતો જ રહેશે. માટે આપણે बाबा वाकयम् प्रमाणम् ની સંકુચીતતાથી ઉપર ઉઠી શુધ્ધ એવા વીચારને સેવીએ અને વ્યક્તીનીશ્ઠાને બદલે વીચારનીશ્ઠાને સ્વીકારીએ તો માનવજાતની આવતી કાલ ઉજળી બનશે.

આ માટે ગુરુ, પંથ, વાદથી ઉપર ઉઠી ખુલ્લા મનથી નીતાન્ત વીચારને જ સેવીએ. પ્રાચીન કાળથી આપણી પ્રતીજ્ઞા છે કે અમે દરેક દીશામાંથી આવતા શુભ વીચારનું સ્વાગત કરીશું आनो भद्राः क्रतवो यन्तु विश्वतः।

પીટ ડોક્ટર લખે છે કે ...

આ પત્ર લખવા બે-ત્રણ કારણોથી હું પ્રેરાયો છું. એક તો માર્ચના અંકમાં તમે પહેલે પાને ચેલેન્જ મુકેલી છે કે તમે વીવેકપંથી વાંચો છો ? અને એ પછી લખ્યું છે, કશું જ કરવાના ન હો તો મંગાવવું બંધ કરો, જેથી બીજાને આપી શકાય.

બીજું, અંક ૭૩ના છઠ્ઠે પાને લખ્યું છે કે 'વાદે વાદે જાય તે તત્ત્વબોધ' અર્થાંત દલીલો કરવાથી તત્ત્વનું સત્યનું જ્ઞાન પ્રગટ થાય છે.

ત્રીજું, દરેક અંકમાં ઈશ્વરની ઉપસ્થીતી વીશે ઘણી બધી ચર્ચા થાય છે અને હવે વીવેકપંથીમાં વાચક વર્ગ અને વીદ્વાનોનો વર્ગ ઘણો થયો છે તેથી મને એમ લાગ્યું કે મારી વાત મારે સૌની સમક્ષ મુકવી જોઈએ.

વીવેકપંથી free & frank discussion માં માનતું હોઈને મારા વીચારો પ્રગટ થશે જ તેવો વીશ્વાસ છે.

હવે બીજી વાત કરીએ.

પહેલું તો તંત્રી જે કાર્ય કરી રહ્યા છે અને જે ગતીએ વીવેકપંથી આગળ વધી રહ્યું છે તેનો મને આનંદ છે. જે મારાથી નથી થઈ શક્યું તે ગુલાબભાઈએ કરી બતાવ્યું છે. મારે પ્રવૃત્તીમાં વીઘ્નરુપ નથી થવું, પણ મારા વીચારો આગળ વધવામાં એક નવી દીશા બતાવે તેવો પણ સંભવ ખરો જ.

આ સાથે મુંબઈ સમાચારમાં આવેલ એક લેખ મોકલાવું છું. પછીથી અનુસંધાને વીવેકપંથી પ્રવૃત્તી કેવી હોવી જોઈએ તેના વીચારો પણ મોકલીશ. અંતમાં તમારી સક્રીયતાને સલામ.

– ડૉ. અમુલ શાહ

રેશનાલીઝમ એટલે કેવી વીચારધારા?

મું. સ.માં અશ્વીન કારીઆનો સુંદર લેખ વાંચ્યો તેમનું કહેવું છે કે ઈશ્વર આજ સુધી કોઈએ જોયો નથી. બધાનાં જુદા જુદા વર્ણન છે અને સાચું કહીએ તો ઈશ્વર જેવી કોઈ હસ્તી નથી. આ વીશ્વ આપોઆપ ઉત્પન્ન થયું અને એક દીવસ વીલીન થશે. મને પણ આ માન્યતા ગમે છે પણ થોડા પ્રશ્નો મને સતાવેછે તે જણાવું છું.

ધારો કે આ વીશ્વ આપોઆપ ઉત્પન્ન થયું અને તેમાંની વીવીધ જાતીઓ ઉત્ક્રાંતીના નીયમથી આગળ વધી વાંદરાની અમુક જાતીમાંથી કાળક્રમે કરોડો વર્શે મનુશ્યની ઉત્પત્તી થઈ. આ વાત તો બરોબર, પણ વંશવેલો ચાલુ રાખવા જે બે ભીન્ન વ્યક્તીની જરુર પડી તે નર અને માદા, પુરુશ અને સ્ત્રી, બન્ને એકબીજાના પુરક. અમુક અવયવો જે પુરુશમાં છે તે સ્ત્રીમાં નથી. કુદરતે સ્ત્રીને આકર્શક બનાવી, સ્ત્રીની શારીરીક શક્તી ઓછી, જીવનનો મોટોભાગ છોકરાંને જન્મ આપવામાં અને તેનું લાલન પાલન કરવામાં જાય. આ બન્ને કુદરતમાં એક જ સમયે અસ્તીત્વમાં આવવા જોઈએ. એક આજે બને અને બીજું હજાર વર્શ પછી બને તે ન ચાલે. નર અડધો છે તેને સંપુર્ણ બનાવવા નારી જોઈએ, હવે આ બન્ને અડધીયા, આપોઆપ, એક જ સમયે કોઈ સંચાલન વીના બન્યા? આવી નર-માદાની જોડી વીશ્વમાં પ્રાણીજગતમાં આવે છે.

પ્રણીજગતની વાત જવા દઈએ તો વનસ્પતી જગતમાં પણ આ જ પદ્ધતી છે. હવે વનસ્પતી તો ચાલી શક્તી નથી, મળી શક્તી નથી તો આ ક્રીયા કેમ થાય? આપણે જો વનસ્પતીના છોડ જોઈએ તો તેને ફુલ આવે છે. ફુલમાં પુંકેસર અને સ્ત્રીકેસર હોય છે તેના સંયોજનથી બીજ બને જે જમીનમાં જાય અને તેમાંથી નવો છોડ બને. એક ફુલમાં પુરુશ અને સ્ત્રી બન્નેનાં તત્ત્વો હોય છે પણ છોડ તેના જ પુરુશ અને સ્ત્રી તત્ત્વોનું ફળીકરણ કરતું નથી કારણ કે તેનાથી દીવસ જતા તે

જાતીની શક્તી ક્ષીણ થતી જાય અને વીનાશ થાય. એટલે એક છોડના પુંકેસરનાં બીજ છોડના સ્ત્રીકેસર જોડે સંયોજન થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ, જે છોડના વંશ સંવર્ધન માટે અત્યંત જરૂરી. આ માટે ખેપીયા જોઈએ. તેની ગોઠવણ કઈ રીતે થઈ?

હવે વીચાર એમ આવે કે છોડને આંખ નથી, તેને મગજ નથી તો આ વીશ્વમાં પતંગીયા જેવી વસ્તુ છે, પક્ષી જેવી વસ્તુ છે તેનો ખ્યાલ કઈ રીતે આવ્યો અને તેની પાસેથી કઈ રીતે કામ લેવું તે કેમ સમજાયું ? વનસ્પતીએ આપોઆપ ગોઠવ્યું ? (મને તો આજ સુધી બીજી વ્યક્તીનો ઉપયોગ કેમ કરવો તે આવડયું નથી) કેટલાક છોડને તો એવા ફુલો છે જેના પર થોડાં પતંગીયાં બેસે તો આપોઆપ બીડાઈ જાય. આખી રાત પતંગીયા તેમાં રહે, પુરાં રગદોળાઈ જાય, પણ જે દીવસે છુટ્ટા, જે બીજા ફુલો પર ભરપુર માત્રામાં પુંકેસર લઈને પહોંચે . આ બધી વ્યવસ્થા આપોઆપ થઈ હશે?

કુદરતમાં ઘણી ઘટનાઓ એવી છે કે જે આપોઆપ થઈ હશે કે કોઈ ગોઠવણથી તે કહેવું મુશ્કેલ છે. જેમ કે જે શીકારી પ્રાણીઓ છે તેને બચ્ચાં ઓછાં આવે અને ઘાસ ચરનારા પ્રાણીઓની બચ્ચાં વધારે આવે જેથી શીકારી પ્રાણી કરતાં ઘાસ ચરનાર પ્રાણીઓને સંખ્યા વધારે જ રહે અને બન્નેનો વંશવેલો ચાલુ રહે. હવે આ ગોઠવણ આપોઆપ થઈ કે?

આપણા શરીરમાં એટલી બધી વીવધ કરામતો છે જે ખરેખર આપોઆપ બની હોય તો આશ્ચર્યજનક છે, જેમ કે આપણી આંખના નેત્રપટલ પર બહારનું દશ્ય ઉંધુ પડે છે પણ આપણું મગજ તેનો સંદેશો ચત્તામાં આપે છે. આપણું મગજ એક સુપર કોમ્પ્યુટર અને અદ્‌ભુત ટેપરેકોર્ડર છે, જે બીજા અનેક કામો કરે છે. મનુશ્યની શરીરની રચના એટલી અટપટી છે કે કોઈને પણ વીચારતા કરી મુકે. મનુશ્યને પહેલેથી જ કુદરતે બે આંખ અને બે કાન આપ્યા. અબજો વર્શના અવશેશોમાં એક કાન કે એક આંખવાળા પ્રાણીઓ મળ્યા નથી. કરોડો વર્શ પહેલાં જે મનુશ્ય આપોઆપ બન્યો તેમાં આજ સુધી કોઈ સુધારો કરવાની જરૂર પડી નથી.

ટુંકમાં આપણે જોઈએ તો આ વીશ્વના દરેક પ્રાણીના અર્ધાંગ જુદા જુદા એક જ સમયે, કોઈના હસ્તક્ષેપ વીના અસ્તીત્વમાં આવવા જોઈએ. બીજું વનસ્પતી જગતની વંશવૃદ્ધીમાં પતંગીયા અને પક્ષીનું સ્થાન અત્યંત મહત્ત્વનુ છે તે ઉપયોગમાં લેવાનું આપોઆપ સ્વયં બન્યું કે કોઈ અકલ્પ્ય શક્તી હશે તેમ ધારવું વ્યાજબી ગણાય કે ?

હવે બીજી વાત પર વીચારીએ તે છે રેશનાલીઝમ. આ રેશનાલીઝમ એટલે કઈ વીચારસરણી?

આપણે જોઈએ તો મનુશ્ય બે રીતે વીચારે છે. એકમાં લાગણી ભરપુર હોય છે. લાગણી એટલી ઉત્કટ હોય કે સાચી વસ્તુ ધ્યાનમાં આવતી નથી, જેમ કે માતાને તેના બાળકના દોશ દેખાતા નથી. કોઈ અસ્તીકને કહીએ જે ભગવાન સર્વના રક્ષણહાર છે તેના રક્ષણ માટે રક્ષકો – ચોકીદારો રાખવાની જરૂર શી ? અથવા જે લોકો ભગવાનના દર્શન માટે ખાસ યાત્રા કરવા જાય છે તેનું અત્યંત કરૂણ રીતે ચગદાઈને મૃત્યુ થાય તેનું શું ? આ દલીલની કોઈ અસર ભક્તો પર થતી નથી (હમણા પોરંબદરમાં ભયંકર આગમાં લોકોની બધી વસ્તુઓ બળી ગઈ, પણ આસ્થા એટલી જ રહી છે).

મનુશ્ય બીજી રીતે વીચારે છે બુદ્ધીપુર્વક બુદ્ધીથી સમજાય તે સાચું બીજું બધું ખોટું. પણ આમાંના મોટાભાગના મનુશ્યોમાં સામાન્યપણે પહેલેથી પુર્વગ્રહ હોય છે તેથી તેમની તરફેણમાં આવતી હકીકતો ને મહત્ત્વ આપે અને વીરુદ્ધની હકીકતોને મહત્વ ન આપે. તેઓ મુક્ત મનથી વીચારતા હોતા નથી. એ લોકો રંગીન ચશ્મા પહેરીને જ જુએ છે. ત્રીજા પ્રકારના લોકો જે બન્ને બાજુને મુક્તમને તપાસે, ચકાસે અને નીશ્કર્શ પર આવે, આ ઉપરાંત આ લોકો વેદીયા નહીં પણ પ્રશ્નને વ્યવહારુ અને માનવીય દ્‌શ્ટીકોણથી જુએ.

હવે આ રીતે જોઈએ તો નીચે મુજબનું તારણ કાઢી શકાય.

આ દુનીયાની ઉત્પત્તી અને વીકાસ કોઈ શક્તી દ્વારા થયાં કે આપોઆપ થયાં તે નીશ્ચીતપણે હજુ સુધી કહી શકાય તેમ નથી. પણ કોઈ શક્તી હોય તે સંભવીત છે. જો હોય તો તેને ઓળખવી કે પામવી શક્ય નથી, અને એવી કોઈ શક્તી મનુશ્યના જીવનમાં હસ્તક્ષેપ કરતી નથી. આથી વ્યવહારુ વાત એ છે કે તે શક્તી વીશે વાદવીવાદ –લડાઈઝગડા છોડી આપણે બધા સમાજની ઉન્નતી કેમ થાય જીવમાત્ર સુખી કેમ થાય તે પ્રવૃત્તીમાં સાથ અને સહકાર આપવો જોઈએ.

[મુંબઈ સમાચાર તા. ૨૪–૨–૦૬]

મંત્વય વીવેકપંથી – વીશ્વાસ–ટ્રસ્ટ

મે મહીનાના તંત્રીલેખ અંગે પ્રતીભાવ જણાવું છું.

'વીવેકપંથી'નું તંત્રીપદ ગુલાબભાઈના હાથમાં રહેતું હોય ત્યાં સુધી તો કોઈ પ્રશ્ન જ નથી. મારો પણ એમને હંમેશનો સહકાર છે. વ્યક્તીગત રીતે મારી જેમ સૌને એમના પ્રત્યે સમાન આદર અને વીશ્વાસ છે.

મેં જ ગુલાબભાઈને એક મુરબ્બી અને શુભેચ્છક મીત્ર તરીકે સુચન કર્યું હતું કે જો તેઓ ટ્રસ્ટ સ્થાપે તો હું લાખ–સવાલાખ રુપીયા આપું. પણ ગુલાબભાઈને મારું સુચન લીટર દુધ માટે આંગણે ભેંસ બાંધવા જેવું લાગ્યું છે.

એ વાત ખરી છે કે ટ્રસ્ટ સ્થાપીને ચલાવવું એ માથાદુખણ છે. આથી જ એ પળોજણથી બચવા માટે એમણે પ્રશ્ન કર્યો છે કે ટ્રસ્ટ સ્થાપવું કે વીશ્વાસ સ્થાપવો? અને ગુલાબભાઈએ બીજો વીકલ્પ પસંદ કર્યો છે.

પરંતુ મારો મુદ્દો કંઈક જુદો છે. એ બીજા વીકલ્પમાં પણ સમસ્યાઓ પેદા થઈ શકે છે. રેશનાલીસ્ટો તો સંશયના સાધકો; એટલે વીશ્વાસ રાખવામાં પણ સતર્ક–સાવધ રહે. જરાકેય ચાતર્યા તો વીશ્વાસ અંધવીશ્વાસ પણ બની શકે.

ટ્રસ્ટ સ્થાપવું નહી અને એક જ વ્યક્તીમાં વધારે પડતો વીશ્વાસ રાખવો એ વાત રેશનાલીઝમ સાથે સુસંગત નથી. ગુલાબભાઈ છે, ત્યાં સુધી તો બરાબર છે, પણ પછી શું ? જો ટ્રસ્ટ હોય અને તેના પદવીધરો હોય તો સલામતી કાયમી ધોરણે જળવાઈ રહે.

હું એક ત્રીજો વીકલ્પ સુચવું છું. વીવેકપંથીના વહીવટ માટે એક સમીતી બનાવવી.

એ જ અંકમાં પ્રગટ થયેલો 'વીવેકપંથી'નો વાર્શીક હીસાબ જોતાં જે ફલીત થાય છે તેના પ્રત્યે હું સૌનું ધ્યાન દોરવા માગું છું. વર્શ દરમીયાનનો ખર્ચ છે રુ.૭૧૬૨૪/૭૪ પૈ. અને આખા વર્શની લવાજમની આવક છે માત્ર રુ. ૬૧૫૦/–. આનો અર્થ એ કે હીસાબી વર્શમાં રુ. ૬૧૪૭૪/૭૪ પૈ. ની ખોટ થઈ. આનો અર્થ એ કે 'વીવેકપંથી' સાત સાત વર્શે પણ પગભર થયું નથી અને તેથી જ આર્થીક યોગદાન પર નભે છે. પ્રશ્ન મારો એ છે કે આ કેટલી હદે યોગ્ય ગણાય ? મફતમાં મોકલાતી નકલો બંધ કરીને ખાધ નીવારી ના શકાય? વર્શાંતે જે ૩૮૪૦૯/૨૬ પૈ. ની જે પુરાંત રહી તેમાંથી ચાલુ વર્શમાં કેટલી મફત નકલો મોકલી શકશો ? વાર્શીક રુ. ૧૨૦૦, કે અન્ય રીતના દાનનો પ્રવાહ સતત ચાલુ જ રહેશે એવી આપણે આશા જરુર રાખીએ, પણ ધારો કે તેમ ના થયું તો ?

બીજો મુદ્દો : ટ્રસ્ટના હીસાબો ઓડીટ પણ થાય અને ત્યારે જ એ પ્રમાણીત ગણાય. ફરી પાછું યાદ દેવડાપી દઉં કે ગુલાબભાઈની અણીશુદ્ધ પ્રમાણીકતા માટે કોઈ પ્રશ્ન જ નથી, અન્યથા ટ્રસ્ટ કદાચ ના સ્થપાય તો કમ સે કમ બે ત્રણ નીશ્ણાત રેશનાલીસ્ટોને હાથે વાઉચરો વગેરે તપાસડાવીને જ પ્રમાણીત હીસાબ તેમની સહીઓ સાથે આપવો જોઈએ. આ વાત વ્યવહારશુદ્ધીની છે, વીશ્વાસ–અવીશ્વાસનો એમાં પ્રશ્ન નથી. હીસાબો એકથી વધુ લોકો તપાસીને પ્રમાણીત કરતા હોય તો દાતાઓનો વીશ્વાસ પણ વધે. સંસ્થાકીય કામમાં પારદર્શકતા અનીવાર્ય છે.

સંપુર્ણપણે પ્રતીકુળ સંજોગો સર્જાયા પછી, પણ ગુલાબભાઈએ એકલવીર બનીને જે રીતે 'વીવેકપંથી' ચલાવી બતાવ્યું છે તેની તો જેટલી કદર કરીએ તેટલી થોડી, પણ એ કંઈ અમર નથી. એમના પછી શું ? હમણા પુરતો તો one man show બરાબર છે. પણ કાયમી ધોરણે જુદી રીતે વીચારવું જ પડે.

– લક્ષ્મીદાસ ખટાઉ

૨૧, સુબોધગુરુ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (પ), મું–૫૪

★

અજ્ઞેયવાદની ચર્ચા અને સ્પશ્ટતા

'વીવેકપંથી' ૭૪માં વાંચવામાં આવ્યું કે, 'હવે રમણ પાઠક પણ અજ્ઞેયવાદની ચર્ચામાં જોડાય છે....' તો ક્ષમાયાચના સાથે, નમ્રતાપુર્વક જણાવવાનું કે, હું આ ચર્ચામાં જોડાતો નથી. મેં 'વીવેકપંથી'–૭૩માં 'અજ્ઞેયવાદ વીશે થોડું સત્યજ્ઞેય' એ લેખ લખ્યો, તેનું કારણ જરા જુદું હતું. બાકી મેં તો જાહેર કરી જ દીધું છે, અને ગુલાબભાઈએ પ્રગટ પણ કર્યું છે કે, 'અબ તુમ્હારે હવાલે રેશનાલીઝમન, સાથીઓ !'

હવે એ કારણ જણાવું તો, 'વીવેકપંથી'–૭૧માં એક મીત્રે કંઈક એવી મતલબનું લખ્યું કે, રમણ પાઠક સત્યની ટકાવારીમાં માને છે, મતલબ કે, ખંડીત સત્યમાં માને છે ઈત્યાદી મારા નામોલ્લેખ સાથે, અને વળી વધારામાં 'રેશનાલીઝમના ભીશ્મપીતામહ' જેવા કટાક્ષ સાથે આવો ગંભીર આરોપ થયો, એટલે મારે જવાબ દેવો પડયો કે, હું દાખલા, દલીલ, પુરાવા વગેરેની ટકાવારીની વાત કરું છું, બાકી સત્ય તો એક, અખંડ અને સંપુર્ણ જ હોય.

હવે બનેલું એવું કે, મારા પર ઉપર્યુક્ત આક્ષેપ એ તો વીશયાંતર હતું, બાકી મુળ લેખ અજ્ઞેયવાદ વીશેનો હતો; એટલે જ પ્રસ્તુત જવાબમાં મેં થોડી ચર્ચા અજ્ઞેયવાદની પણ કરી; જેને અપવાદ ગણી શકાય....! હવે આજે આ લખાણ લખાવાના મુળમાં બ. રસેલનું એક

વીધાન પુનઃ વાંચવામાં આવ્યું, જે મારી ચર્ચાનું સમર્થક લાગ્યું એથી આ સાથે તે અલ્પ ટીકા સાથે, વાચકમીત્રોની જાણ માટે મોકલું છું

An agnostic may hold that the existence of God, though not imposible, is very improbable. He may even hold it so improbable that it is not worth considering in practice. In that case, he is not far removed from ATHEISM

- BERTRAND RUSSELL

ઈશ્વરના અસ્તીત્વનો પ્રશ્ન એટલો અસંભવ મુદ્દો છે કે તે ચર્ચાને પણ લાયક નથી – એવું માનનાર અજ્ઞેયવાદી અને નીરીશ્વરવાદી (એથીસ્ટ) વચ્ચે ઝાઝું અંતર નથી.... મારો મુળ કહેવાનો ભાવાર્થ પણ એ જ હતો કે, 'ઈશ્વર છે કે નથી – એ વીશે હું કશું જ જાણતો નથી, હોય યા ન હોય !' એવું માનીને સંતુશ્ટ બેસી રહેનાર વ્યક્તીને આ વીચારધારામાં 'અજ્ઞેયવાદી' તરીકે પ્રતીશ્ઠા આપવામાં આવતી નથી. એવો જ ણ તો નીઃશંક 'પ્રમાદી' કહેવાય. એથી ઉલટું, આ ક્ષેત્રે, પોતાને એગ્નોસ્ટીક ગણાવનાર વ્યક્તી પાસે બહુવીધ વજનદાર તર્ક, વીવેક, મનન–ચીંતન આદીની ભુમીકા હોય છે, હોવી જોઈએ. મારા મતે, રસેલ એનો એક સર્વોત્તમ નમુનો છે.

અંતમાં, એગ્નોસ્ટીક, એથીસ્ટ, રેશનાલીસ્ટ, ફ્રી–થીંકર, સ્કેપ્ટીક, ઉપરાંત લગભગ એવા જ અર્થમાં વપરાતો એક શબ્દ છે : PYRRHONISM (સંશયવાદ). આવા બધા શબ્દો સમર્થ ચીંતકો પોતપોતાની વીભાવનાને જેમ અનુકુળ લાગે તેમ પ્રયોજે છે. ગુજરાતીમાં, વધારામાં ચાર્વાકવદ, લોકાયતવાદ જેવા શબ્દો પણ ચર્ચામાં ઉચીત સ્થાને સંદર્ભ અનુસાર પ્રયોજી શકાય.

–રમણ પાઠક 'વાચસ્પતી'

નટરાજ એપાર્ટમેન્ટ, ગાંધી હોસ્પીટલ સામે સરદાર બાગ, બારડોલી

★

મેગેઝીનો પ્રતીનીધીઓનાં નામ પોતાની ગરજે છાપતા હોય છે

જુન ૨૦૦૮ના અંકમાં 'ડંકેશ ઓઝા શું મને રેશનાલીસ્ટ ગણતા નથી?' શીર્ષક તળે પ્રગટ થયેલા યાસીન દલાલના ચર્ચાપત્રમાં "ડંકેશ ઓઝાનું નામ હું પંદર વર્શથી પ્રતીનીધી તરીકે છાપું છું છતાં તેમણે 'સૌજન્ય માધુરી'નો પ્રચાર–પ્રસાર કર્યો નથી કે લવાજમ ભર્યું નથી" એ વાત લખવાથી તેમની એ નામ છાપવા પાછળની વેપારી વૃત્તી છતી થાય છે. મેગેઝીનો પ્રતીનીધી તરીકે કોઈનાં નામ પોતાની ગરજે છાપતા હોય છે. એ નામ ધારી પરત્વે કોઈ ઉપકાર કરતા નથી હોતા. એમ તો યાસીનભાઈ વર્શોથી લંડનના હરીશભાઈ જોબનપુત્રાનું નામ છાપે છે, જેમને ગુજરી ગયાને ત્રણ વર્શ થયા, જેની દલાલ સાહેબને ખબર સુદ્ધાં નથી !

આખા ચર્ચાપત્રમાં નેવું ટકા તો આપવખાણ જ છે. છેલ્લે પોતે ક્યા નામાંકીતોને મળ્યા કે કોને પોતાની ગાડીમાં ફેરવ્યા તેની યાદી આપી છે. ડંકેશ ઓઝાના મુદ્દા સાથે તેનો શો સંબંધ ?

તંત્રીએ 'વીવેકપંથી' ને ઓપન ફોરમ કહ્યું છે તે તદ્દન બરાબર છે. એક ચોક્કસ વીચારધારા રેશનાલીઝમ પ્રતી તેની પ્રતીબધ્ધતા સાચી, પણ તે વીચારધારા પરત્વેના તરફેણ–વીરુદ્ધના કે અલગ વીચાર છટાવાળા લેખોને તેમાં સ્થાન આપવામાં જ 'વીવેકપંથી'માં નીહીત. 'વીવેક' પરત્વે ઔચીત્ય જળવાય છે.

–રજનીકુમાર પંડયા

ડી–૮, રાજદીપ પાર્ક, બળીયા કાકા રોડ,
મીરા ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ – ૩૮૦ ૦૨૮

★

કાન્તી ભટ્ટ પર ઝાઝો મદાર ના રખાય

અંક ૭૨ (માર્ચ ૦૮ના) નાં પાનાં ૧૪–૧૫ ઉપર ગુલાબભાઈએ 'શહેનશાહ અકબર રેશનાલીઝમથી કેટલો નજીક ?' એ મતલબનો એક લેખ લખ્યો હતો જેમાં ચાર્વાકને અકબરના સમયમાં એટલે કે ૪૦૦ વર્શ પહેલાં જ થઈ ગયેલા બતાવ્યા છે, પણ આ વાતનો પુરાવો મને મોગલ ઈતીહાસમાંથી મળ્યો નથી. અકબરના દરબારના રત્નો વીસે મને જાણ છે, જેમાં પણ ચાર્વાકનું નામ જાણમાં નથી.

આ વીશેનો ખુલાસો મેં ગુલાબભાઈને પુછાવતાં જવાબમાં તેમણે લખ્યું તે તેમણે તા. ૧૯–૨–૨૦૦૮ના 'દીવ્ય ભાસ્કર' માંહેના અકબર વીશેના કાન્તી ભટ્ટના લેખનો આધાર લીધો હતો, જેમાં એ જ પ્રમાણે લખાયેલું હતું. આ વીશે કાન્તી ભટ્ટ પાસેથી ખુલાશો મેળવવાની પણ મને એમણે ભલામણ કરી હતી. એમના લખવા પ્રમાણે ચાર્વાકનો સમય ૩૦૦૦ વર્શ પુર્વેનો હોવો જોઈએ. બૃહસ્પતીને જ ચાર્વાકની ઉપમા અપાયાનું પણ નોંધાયું છે, જે બરાબર છે.

મારે એમને કહેવાનું છે કે કાન્તી ભટ્ટની વાતો પર મદાર બાંધીને બહુ ચાલવા જેવું નથી. એમણે તો રોજ કોલમો ભરવાની હોય છે. કલમના એ જથ્થાબંધ વેપારી છે.

પણ 'વીવેકપંથી'માં અગડં બગડં ના ચાલે. આ તો રેશનાલીસ્ટ વીચારપત્ર છે. એમાં છપાતા લેખો નક્કર હકીકતો દર્શાવતા જ હોવા જોઈએ. જનસામાન્ય સુધી રેશનાલીઝમ પહોંચાડવાની વીશીશ્ઠ શૈલી 'વીવેકપંથી' માં જોવા મળે છે.

– ડો. અશ્વીન શાહ, ખારેલ, તા. સુરત

રેશનલ વીચારસરણી પ્રસારતું માસીક

'વીવેકપંથી' માર્ચ–૦૮ના અંકનો પ્રતીભાવ મોકલું છું. – ૧) વાંચવું ગમે છે ? હા.

૨) ઉપયોગી લાગે છે ? હા.

૩) શું ? બધું જ.

બે વર્ષ પહેલાં 'સત્યાન્વેશણ' તથા રમણ પાઠકની ગુજરાત મીત્રની કોલમ 'રમણભ્રમણ'માં વીવેકપંથી માસીકનો ઉલ્લેખ વાંચેલો. ત્યારબાદ લવાજમ ભરીને મંગાવવાનું ચાલું કર્યું છે. રેશનલ વીચારધારાને વરેલું હોઈ તેમાં પ્રગટ થતા લેખો વાંચવા લાયક અને જીવન શૈલીને અનુરુપ લાગેલા.

'વીવેકપંથી' માસીકના દરેક લેખો રેશનલ વીચાર સરણી ધરાવતા વ્યક્તી માટે ઉપયોગી છે. હું પણ રેશનલ વીચારધારા ધરાવું છું અને તે મુજબ જીવનશૈલી ગોઠવી છે અને આ બાબતે વધુ પ્રયત્નશીલ છું. તંત્રીલેખમાં દર્શાવાયેલ રેશનાલીઝમના વીકાસ માટેના સહકારની વાત છે. માસીકને આર્થીક રીતે સધ્ધર બનાવવા માટેનો પ્રયત્ન છે.

વીવેકપંથી વાંચતી વખતે તેના દરેક લેખો જીવંત લાગે છે. સત્યની કસોટીએ પાર ઉતરેલા લેખો, સમાચારો વીગેરે એક છાપ છોડી જાય છે.

હાલમાં રુ. ૧૨૦૦/–ની સ્કીમમાં ભાગીદાર બનતો નથી પણ વાર્શીક લવાજમ પેટે રુ. ૧૦૦/– કાર્યાલયના સરનામે મોકલું છું. 'વીવેકપંથી' માસીકને જીવંત અને સદાબહાર રાખવા આપના પ્રયત્નોને દાદ આપીએ છીએ. પ્રયત્નો ચાલુ રાખશો અને માસીકની સુપેરે માવજત થાય તે અંગે પ્રયત્નશીલ રહેશો.

રેશનલ વીચારધારાને અપનાવવા અંગે સમાજમાં હજુ મોળો પ્રતીસાદ છે. લોકો હજુ માનવા તૈયાર નથી કે ઈશ્વરની કલ્પના એ માણસના મગજની કલ્પના છે. જન્મથી મરણ સુધીની આ જીવનયાત્રા પછી કંઈ છે જ નહી – સ્વર્ગ–નરકની મીથ્યા ભ્રાંતીમાં જ લોકો અટવાયા કરે છે. પાપ–પુણ્યના ભ્રામક વીચારો તેઓના મનને ચલીત કરે છે.

– વી. ડી. જાદવ

–સી–૭/૨૬, વીદ્યુત નગર કોલોની, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા–૭

★

ગાંધી રેશનાલીઝમની નજીક ? ના, ના ને ના

બેન હર્શા બાડકરનો પ્રશ્ન છે. ગાંધી રેશનાલીઝમની નજીક ગણાય ? મારો સ્પશ્ટ જવાબ છે, ના, ના ને ના.

એમનાં કાર્યો વીશે કોઈ બે મત નથી. એમના કોઈ કાર્યની અવગણના પણ થઈ શકે નહીં. દુનીયા આખીને સામુદાયીક અહીંસાનો રસ્તો ચીંધાડતા ગયા છે. અને તેના થકી જ આપણને આઝાદી મળી એમ કેટલાક લોકો માને છે, જો કે આઝાદીનો પહેલો શંખનાદ ૧૮૫૭માં ફુંકાયો હતો. ત્યારબાદ ૯૦ વર્શની સતત સાધનાના અંતે ૧૯૪૭માં આઝાદી મળી છે. આ વીશયમાં ઈન્ગલેન્ડની ધારાસભામાં રજુ થયેલા દસ્તાવેજો તપાસવા પડે – એ કંઈક જુદી જ વાત કહે છે.

રેશનાલીઝમની લાંબી વ્યાખ્યા અત્યારે આપતો નથી, કારણ કે એના વીશે પ્રસારીત થયેલા સાહીત્યથી સૌ પરીચીત છીએ. લગભગ અઢીસો વર્શ પર સોક્રેટીસે આપેલી વ્યાખ્યા આ પ્રમાણે છે 'માણસ વીવેકબુદ્ધીવાદી–પ્રાણી છે. એ પ્રસંગોનું સંકલન કરી શકે છે અને પ્રશ્નોનો નીવેડો પણ એ જ લાવી શકે છે.'

આ વ્યાખ્યાનુસાર ગાંધીજી પણ માણસ હોઈને રેશનલ જ ગણાય, પણ ધર્મ અને ભગવાનની બાબતમાં માણસજાતે ગોથું ખાધું છે તેમ ગાંધીએ પણ ગોથું ખાધું છે. બાળપણમાં સાંભળેલી કથાઓને એ જીવનભર વળગી રહ્યા હતા.

અંતરના અવાજને નામે ઘણી બધી વાતો એમણે પ્રચારમાં મુકી છે, જે વીવેકબુદ્ધી માન્ય ના જ રાખી શકે.

મને અંગત રીતે ગાંધીજી પ્રત્યે અનહદ આદર છે, પણ તેઓ રેશનાલીઝમની નજીક હોવાની વાત મને માન્ય નથી, નથી ને નથી.

–જવાહર મહેતા

૬૫, સરલા મનોહર, પ્લોટ ૧૯, સેકટર ૧૭, વાસી–નવી મુંબઈ

★

એ તટસ્થતા પર આફરીન

રેશનાલીઝમમાં પીતા–પુત્રી સાથે કામ કરતા હોય તેવું ભાગ્યે જ બને છે. ગુલાબભાઈ અને હર્શાબેન એક ઉજળું ઉદાહરણ છે.

મેના અંકમાં પોતાની વીરુદ્ધનું યાસીન દલાલનું લખાણ છાપીને ગુલાબભાઈએ જે તટસ્થ પત્રકારીતાનો પરીચય આપ્યો છે તે તેમના પ્રત્યેના માનમાં અનહદ ઉમેરો કરે છે. એમણે પોતાનાં રેશનલીસ્ટ વલણ પર ચારચાંદ લગાડી દીધા છે. વાંચીને હું તો આફરીન થઈ ગયો.

પોતાના વીશે સારું સારું લખીને તે ગૌરવભેર છાપનારા જોયા છે, પણ પોતાની ખામી પણ સ્વીકારીને છાપવી એ સહેલું કામ નથી. તંત્રીને વંદન સાથે ધન્યવાદ

– ભીખાભાઈ અમીન

પ્રમુખ: ગાંધીનગર જીલ્લો રે. એસો.

કે.વી.સબસ્ટેશન, વીદ્યુતબોર્ડ, નારદીપુર –૩૮૨૭૩૫

ચમકારો સાંઈ નામ સત્ય છે !!

સાંઈબાબાએ જાતે ધાર્મીક કટ્ટરતા, અંધશ્રદ્દા અને વહેમની ગર્તામાં અટવાયેલી અભણ પ્રજાને સાચા રસ્તે વાળી સામાજીક પુનરુત્થાન કરવાનું શરુ કર્યું હતું. બાબા પોતે ભાંગીતુટી મસીદમાં રહેતા અને કંતાનની ગોદડીમાં બેસતા હતા, તેમ છતાં તેઓ ગરીબોના સાચા બેલી હતા.

[સાંઈબાબા વીશેના એક લેખમાંથી]

ભણેલી પ્રજાએ ત્યારબાદ સાંઈના નામે ફેલાવી શકાય તેટલી અંધશ્રદ્ધા ફેલાવવાનું શરુ કર્યું છે. પરીણામ? દાન-પેટીમાં સાડાત્રણ લાખનો હીરાજડીત મોબાઈલ ! જેનું પંદર લાખમાં લીલામ થયું ! ગરીબનવાઝ સાંઈની આંખો આ જોઈને ફાટી જ ગઈ હશે ને !

લશ્કરના તમામ સૈનીકોને એક જ દીવસે એક સાથે બીસીજીનાં ઈન્જેકશનો આપવના હતા તેથી જ્યાંથી મળ્યા ત્યાંથી ડોકટરો એકઠા કરવામાં આવ્યા, તેમાં એક જાનવરોનો ડોક્ટર પણ હતો.

ઈન્જેક્શન લીધા પછી એક સૈનીકે ડોક્ટરની કદર કરતાં કહ્યું,"તમારી ઈંજેક્શન આપવાની રીત ઘણી સારી છે. મને તો ખબર જ ના પડી કે ક્યારે ઈન્જેક્શન લેવાઈ ગયું !"

"મારે બહુ સંભાળીને કામ કરવું પડે છે. કેટલાંક જાનવરો કરડી ખાય તેવાં હોય છે, તો કેટલાંક પાટ મારીને ઉલાળી દે તેવાં !"

★

ટીખળી વીદ્યાર્થીઓ લાયબ્રેરીમાંહેના પુસ્તકો પર ચીત્રવીચીત્ર લખાણો લખી કાઢતા હોય છે. એક ધર્મ પુસ્તક પર લખી નાખ્યું 'ઉંઘ ના આવતી હોય તો આ પુસ્તક વાંચો'

★

"પોપટ તો બંને એક સરખા જ છે, તો પછી એકનો ભાવ બસો અને બીજાનો એકસો કેમ ?"

"એકસોવાળો ક્યાંય ટકતો નથી. તરત પાછો આવી જાય છે."

"શીર્શાસન કરું છું ત્યારે મારા આખા શરીરનું લોહી મસ્તકમાં જમા થઈ ગયેલું લાગે છે, પણ પાછો ઉભો થાઉ ત્યારે લોહી પાછું નીચે ઉતરતું નથી જણાતું. એમ કેમ થતું હશે ?"

"સંગ્રહ તો ખાલી જગ્યામાં જ થઈ શકે ને !"

★

સ્ટેશન પરથી ટેક્સી કરીને એક આગંતુક હોટલે જવા નીકળ્યો. રસ્તામાં સામેથી આવતા કુંભારના પાંચ-દસ ગધેડાં આવતાં જોઈને એને ટીખળ સુઝી. ટેક્સી ડ્રાઈવને એણે કહ્યું."આ ગમમાં ગધેડાં વધુ પ્રમાણમાં વસતાં લાગે છે."

"હા, સાહેબ અને બહારગામથી પણ આવતાં-જતાં રહે છે." ટેક્સીવાળો વતનપ્રેમી હતો.

★

"ગમે તેટલો પીધો હોય, પણ ઘેર જઈને પથારીમાં પડતાંવેંત ક્યારેય ઉંઘ આવતી નથી. કલાક દોઢ કલાક પડખાં ઘસવાં જ પડે છે."

"હું તો પથારીમાં પડતાંવેંત નસકોરાં બોલાવવા માંડું છું. હા, ઘર અને પથારી શોધવામાં એકાદ-બે કલાક લાગી જાય એ વાત જુદી."

★

PRINTED BOOK

To,

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai - 400 093.